Monday, 24 November 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦



ચિંતાથી વધુ શરીરને કોઈ તકલીફ આપી શકતું નથી, અને જેને ઈશ્વર પર થોડોઘણો પણ વિશ્વાસ છે તેને કોઈ પણ બાબતે ચિંતા કરવા પર શરમ આવી જોઈએ. -મહાત્મા ગાંધીજી

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૨૯૬ ● સંવત-૨૦૮૨ માગશર સુદ ચોથ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

### લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપલક્ષમાં

## દમણમાં પ્રદેશ ભાજપ દ્વારા 'મેરા યુવા ભારત'ના સહયોગથી ભવ્ય 'એકતા પદયાત્રા' યોજાઈ

**'એકતા પદયાત્રા'માં ભાગ લેનારા તમામે રાષ્ટ્રની એકતા અને 'વિકસિત ભારત'નો લીધેલો સંકલ્પ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

લોખંડી પુરુષ અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ઉપલક્ષમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવ પ્રદેશ ભાજપ દ્વારા 'મેરા યુવા ભારત'ના સહયોગથી ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના શનિવારે મોટી દમણ ખાતેના લાઈટ હાઉસ(દીવાદાંડી) બીચ પર એક ભવ્ય અને પ્રેરણાદાયી 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો પ્રારંભ સરદાર વલ્લભભાઈ પટેલની તસવીર ઉપર પુષ્પાંજલિ અર્પણ કરીને અને રાષ્ટ્રભક્તિથી ઓતપ્રોત નારાઓની સાથે થયો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં યુવાઓ, દમણ ભાજપના નેતાઓ, પદાધિકારીઓ, કાર્યકર્તાઓ, ચૂંટાયેલ જનપ્રતિનિધિઓ અને સ્થાનિક નાગરિકોએ ભાગ લીધો હતો. આ કૂચ રાષ્ટ્રીય એકતા, અખંડતા અને સરદાર વલ્લભભાઈ પટેલના 'એક ભારત-શ્રેષ્ઠ ભારત'ના સંદેશને સમર્પિત રહી હતી.

દમણ ખાતે આયોજીત 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' કાર્યક્રમમાં ઉપસ્થિત વક્તાઓએ દેશ માટે સરદાર વલ્લભભાઈ પટેલના ઐતિહાસિક યોગદાન ખાસ કરીને દેશના ૫૬૨ રજવાડાઓના એકીકરણ, તેમના લોખંડી નિર્ણયો અને રાષ્ટ્રહિત પ્રત્યે તેમની અતૂટ નિષ્ઠાને યાદ કરવામાં આવ્યા હતા અને યુવાઓને તેમના આદર્શોથી પ્રેરણા લેવા અને રાષ્ટ્રનિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવાનું આહ્‌વાન કર્યું હતું. દરમિયાન 'મેરા યુવા ભારત'ના સ્વયંસેવકોએ એકતા, સામાજિક સદ્‌ભાવ અને દેશના ગર્વ સાથે સંકળાયેલા સંદેશાઓની સાથે સાથે જન જાગૃતિનો સંદેશ આપ્યો હતો. આ અવસરે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયાએ જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલનું આદર્શ નેતૃત્વ ભારતના દરેક નાગરિકો માટે પ્રેરણાનો સ્રોત છે, અને એ જ 'સરદાર@૧૫૦ યુનિટી માર્ચ' તેમના વિચારોને દરેક લોકો સુધી પહોંચાડવાનો પ્રયાસ છે. કાર્યક્રમના અંતે 'એકતા પદયાત્રા'માં ભાગ લેનારાઓએ રાષ્ટ્રની એકતા અને વિકસિત ભારતનો સંકલ્પ લીધો હતો.

આ અવસરે પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી સુનિલ પટેલ, પ્રદેશ ભાજપ યુવા મોરચાના પ્રમુખ ડો. અવધેશ ચૌહાણ, દમણ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલ સહિત સરપંચો, જિલ્લા પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં આમ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશમાં શરૂ થયેલી શૈક્ષણિક, વૈચારિક અને હકારાત્મક ક્રાંતિથી આવતા દિવસોમાં દાનહ અને દમણ-દીવ દેશના અન્ય સમૃદ્ધ પ્રદેશો કરતા પણ એક ડગલું આગળ નિકળી જશે

**સંઘપ્રદેશ પ્રશાસન દ્વારા વંચિત, શોષિત, પીડિત અને આદિવાસી સમુદાયને ફક્ત શૈક્ષણિક રીતે સમૃદ્ધ કરવા જ નહીં પરંતુ તેમના આરોગ્યની પણ લેવામાં આવી રહેલી કાળજી**

**સંઘપ્રદેશના દુરંદેશી ધરાવતા પ્રશાસક પ્રફુલભાઈ પટેલે પ્રદેશમાંથી કુપોષણ નાબૂદ કરવા અને સિકલસેલ એનેમિયા સહિત મહિલાઓમાં રહેતી હિમોગ્લોબિન કમીની સમસ્યાના નિવારણ માટે શરૂ કરેલા સતત પ્રયાસોઃ આજે નોંધપાત્ર રીતે કુપોષિત બાળકો અને હિમોગ્લોબિનની કમીની સમસ્યાથી પીડિત મહિલાઓની ઘટી રહેલી સંખ્યા**

(ગત સપ્તાહથી ચાલુ...)




સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં શરૂ થયેલી શૈક્ષણિક ક્રાંતિના કારણે આજે દાદરા નગર હવેલીના ઊંડાણના માંદોની, સિંદોની, રાંધા, પરઝાઈ જેવા વિસ્તારની દિકરી અને દિકરાઓ એમબીબીએસ થઈ ડોક્ટર બની રહ્યા છે અને ઘણી દિકરીઓ નર્સિંગ તથા પેરામેડિકલનો અભ્યાસ કરી પ્રદેશ સહિત મુંબઈ, ગુજરાતની પ્રતિષ્ઠિત હોસ્પિટલોમાં પોતાની સેવાઓ પણ આપી રહી છે. સંઘપ્રદેશમાં નમો મેડિકલ કોલેજની સ્થાપનાના ૬ વર્ષ અને એમબીબીએસના ૭મા બેચમાં ડોક્ટર બનનારાઓની ગણના કરવામાં આવે તો છેલ્લા ૭૦ વર્ષમાં પ્રદેશમાં જેટલા ડોક્ટરો નથી બન્યા તેનાથી ૨૦ ગણા વધુ ડોક્ટરો ફક્ત આવતા પાંચ વર્ષમાં બનીને બહાર આવશે. ટૂંકમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રત્યેક ગામમાં એક ડોક્ટર અને એક નર્સ જોવા મળી શકવાના છે. જેના કારણે થનાર હકારાત્મક પરિવર્તનનો અહેસાસ પણ સમગ્ર સમાજને થશે. આ તો ફક્ત શૈક્ષણિક ક્રાંતિની શરૂઆત છે. આવતા દિવસોમાં સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ વૈચારિક અને સાંસ્કૃતિક રીતે દેશના અન્ય સમૃદ્ધ પ્રદેશો કરતા પણ એક ડગલું આગળ નિકળી જશે.

સંઘપ્રદેશ પ્રશાસને વંચિત, શોષિત, પીડિત અને આદિવાસી સમુદાયના આરોગ્યની પણ સીધી કાળજી લીધી છે. સંઘપ્રદેશના દુરંદેશી ધરાવતા પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલે પ્રદેશમાંથી કુપોષણ નાબૂદ કરવા અને સિકલસેલ એનેમિયા સહિત મહિલાઓમાં રહેતી હિમોગ્લોબિન કમીની સમસ્યાના નિવારણ માટે પણ યુદ્ધના ધોરણે પ્રયાસ શરૂ કર્યા છે. જે કડીમાં સંઘપ્રદેશ પ્રશાસને આરોગ્યની તપાસની સાથે સી.એસ.આર. દ્વારા જરૂરીયાતમંદ મહિલાઓ અને પરિવારના ઘરે પૌષ્ટિક ખાદ્ય સામગ્રી પણ મોકલવાની શરૂઆત કરતા આજે પ્રદેશમાં કુપોષિત બાળકોનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી રહ્યું છે.

સંઘપ્રદેશ પ્રશાસને આર્થિક રીતે આત્મનિર્ભર કરવા સાથે રાજકીય રીતે પણ મુખ્ય ધારા સાથે જોડવા કરેલા પ્રયાસના કારણે આજે ખાસ કરીને દાદરા નગર હવેલીના આદિવાસીઓ પરિપકવ બની પોતાના નિર્ણયો લેતા થયા છે. ભૂતકાળમાં પોતાના રાજકીય આકાઓના આસરા ઉપર રહેતા આદિવાસીઓ પોતાના હક્ક અને અધિકાર માટે સીધા પ્રશાસકશ્રીનો સંપર્ક કરતા પણ થયા છે અને તેમની સમસ્યાનો ઉકેલ પણ મળતો થયો છે.

આજે દાદરા નગર હવેલી અને દમણ-દીવના વંચિત, શોષિત, પીડિત અને આદિવાસી સમુદાયને સંઘપ્રદેશ પ્રશાસનના વહીવટ ઉપર ભરોસો પેદા થયો છે. ભૂતકાળમાં જેની લાઠી તેની ભેંસ જેવી સ્થિતિ હતી. તેની સામે હવે આ સમુદાયનું કોઈ શોષણ કરવાની ગુસ્તાખી કરે તો તેની સામે પ્રશાસન ઢાલ બનીને ઉભું રહેતું હોવાનો વિશ્વાસ પણ જાગ્યો છે અને આ પરંપરા હવે જળવાય રહેશે એવો વિશ્વાસ પણ દૃઢ બન્યો છે.

### સોમવારનું સત્ય

**સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવમાં સંભવતઃ પહેલી વખત સરપંચો, જિલ્લા પંચાયત સભ્યો અને નગરપાલિકાના કાઉન્સિલરો હકારાત્મક વિચારસરણી ધરાવતા હોવાનું દેખાઈ રહ્યું છે. આ હકારાત્મકતા સાથે પ્રશાસનની તાકાત પણ જોડાશે તો આવતા દિવસોમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવને વિકસિત પ્રદેશ બનતા પણ કોઈ રોકી નહીં શકશે.**

## સાયલી સાલકરપાડા ગુજરાતી શાળાના શિક્ષિકા ઈલાબેન બાબરભાઈ પટેલ સેવાનિવૃત્ત થતાં ભવ્ય વિદાયમાન સમારોહ યોજાયો

**દાનહ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી જયેશભાઈ ભંડારીની રહેલી વિશેષ ઉપસ્થિતિ**







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

દાદરા નગર હવેલીના સાયલી ગામના સાલકરપાડા ખાતેની સરકારી પ્રાથમિક ગુજરાતી શાળામાં ફરજ બજાવી રહેલ શિક્ષિકા શ્રીમતી ઈલાબેન બાબરભાઈ પટેલ વયમર્યાદાને કારણે સેવાનિવૃત્ત થયા હતા. જેમના માટે ભવ્ય વિદાયમાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમારંભના મુખ્ય અતિથિ પદે દાનહ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ભંડારી ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દાદરા નગર હવેલી જિલ્લા પંચાયત દ્વારા સંચાલિત સાયલી સાલકરપાડાની ગુજરાતી પ્રાથમિક શાળામાં છેલ્લા ઘણાં વર્ષોથી શિક્ષિકા તરીકે ફરજ બજાવી રહેલા શ્રીમતી ઈલાબેન બાબરભાઈ પટેલ વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા હતા. સેવાનિવૃત્ત થયેલા શિક્ષિકા શ્રીમતી ઈલાબેન પટેના સન્માન માટે સેલવાસના કલા કેન્દ્ર ખાતે

- (વધુ પાના નં.૭ પર)

## સેવાનિવૃત શિક્ષિકા ઈલાબેન પટેલનું ભાવનાત્મક નિવેદન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

પોતાના વિદાયમાન સમારંભને સંબોધતા, શ્રીમતી ઈલાબેન પટેલે ભાવુક થઈને જણાવ્યું હતું કે, ''મેં ૪૦ વર્ષ ૨ મહિના અને ૧૩ દિવસ સુધી શિક્ષણના કાર્યોના ગુજરાતી શાળામાં વિવિધ શિક્ષક પદો પર કામ કર્યું છે. જીવનમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે, પરંતુ મેં મારી ફરજો સંપૂર્ણ પ્રામાણિકતા અને સમર્પણ સાથે નિભાવી છે.'' તેમણે ઉમેર્યું હતું કે, આ વિદાય સમારંભ આનંદ અને દુઃખ બંને લાવે છે. તેમણે ગર્વથી જણાવ્યું હતું કે, કે તેમનો પરિવાર સરકારી સેવામાં રહે છે. ૪૦ વર્ષથી વધુની સેવા યાત્રાને સમગ્ર સમુદાયના શ્રેષ્ઠ ઉદાહરણ તરીકે મને એક શિક્ષિકા તરીકે સમાજની સેવા કરવાનો મોકો મળ્યો અને વિદ્યાર્થીઓને સારામાં સારું શિક્ષણ મળે એ મારો હેતુ રહ્યો.

## સરપંચ સુનિતાબેન પટેલે આંટિયાવાડના સર્વાંગી વિકાસ માટે પ્રગટ કરેલી પોતાની મનોકામના







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

આંટિયાવાડ ગ્રામ પંચાયતના સરપંચ તરીકે શ્રીમતી સુનિતાબેન રમેશભાઈ પટેલે પોતાનો હોદ્દાનો અખત્યાર સંભાળી લીધો હતો. તેમના અભિવાદનમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા અને પ્રદેશ ભાજપ મહામંત્રી શ્રી જિજ્ઞેશભાઈ પટેલ પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુક્ત સરપંચ શ્રીમતી સુનિતાબેન પટેલે પોતાની આંટિયાવાડ ગ્રામ પંચાયતના સર્વાંગી વિકાસ માટે પોતાની મનોકામના પ્રગટ કરી હતી. આ પ્રસંગે આંટિયાવાડના યુવા નેતા શ્રી ભાવેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## દમણ જિલ્લાની નવી બનેલી ભેંસલોર ગ્રામ પંચાયતના પ્રથમ સરપંચ બનવા ભાગ્યશાળી રહેલા સવિતાબેન પટેલ





**દુણેઠા ગ્રામ પંચાયતના પણ પ્રથમ સરપંચ બનવાનું બહુમાન ધરાવતા સવિતાબેન પટેલ પાસે ભેંસલોર પંચાયતને સ્વચ્છતા સહિત દરેક ક્ષેત્રે અગ્રેસર બનાવે એવી પ્રગટ થઈ રહેલી અપેક્ષા**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

દમણ જિલ્લાની નવી બનેલી ભેંસલોર ગ્રામ પંચાયતના પ્રથમ સરપંચ બનવાનું બહુમાન શ્રીમતી સવિતાબેન ભરતભાઈ પટેલના ફાળે ગયું છે. ભૂતકાળમાં વરકુંડ ગ્રામ પંચાયતમાંથી વિભાજન થઈ બનેલી દુણેઠા ગ્રામ પંચાયતના પણ પ્રથમ સરપંચ બનવા શ્રીમતી સવિતાબેન પટેલ ભાગ્યશાળી રહ્યા હતા.

શ્રીમતી સવિતાબેન ભરતભાઈ પટેલે દુણેઠા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે લગાતાર લગભગ ત્રણ વખત સ્વચ્છ પંચાયતનો એવોર્ડ પણ જીત્યા હતા. તેથી ભેંસલોર ગ્રામ પંચાયતના સરપંચ તરીકે પણ શ્રીમતી સવિતાબેન પટેલ ઉત્સાહથી કામ કરી સ્વચ્છતા સહિત દરેક ક્ષેત્રે પંચાયતને અગ્રેસર બનાવે એવી અપેક્ષા પ્રગટ થઈ રહી છે.




## સુવિચાર - સદ્‌વિચાર

વિશ્વાસને પાળશો તો સંબંધ મજબૂત રહેશે.

## કવિતા-ભજન-પદ-ગરબા

### જેને ખબર નથી કે સુરા શું ને જામ શું

જેને ખબર નથી કે સુરા શું ને જામ શું
એનું ભલા ગઝલની સભાઓમાં કામ શું ?

સાકી જે મયકશીની અદબ રાખતા નથી
પામી શકે એ તારી નજરનો મુકામ શું ?

અવસર હશે જરૂર મિલન કે જુદાઈનો
ઓચિંતી દિલના આંગણે આ દોડધામ શું ?

મળશે તો ક્યાંક મળશે ગઝલમાં એ મસ્તરામ
જે 'શૂન્ય' હોય એને વળી ઠામબામ શું ?

- શૂન્ય પાલનપુરી

## આજની જોક

એક છોકરી પોતાની સુંદરતા અંગે અન્ય છોકરીને જણાવી રહી હતી
પહેલી છોકરી: હું અરિસા આગળ એક કલાક ગાળું છુ અને મારી સુંદરતાને નિહાળું છું. શું તને આ આડંબર લાગે છે?
બીજી છોકરી: ના, મને એ મનની કલ્પના લાગે છે.

## કબીર વાણી

**કબીર! માયા પાપની, હરીસેં કરે હરામ;**
**મુખ કુડિયાલી કુમતકી, કહેને ન દે રામ.**

**- અર્થાત-**

ઓ કબીર! આ જગતની અંદર રહેલી માયા એવી તો પાપી છે કે તે માણસને ઈશ્વર તરફ નિમકહરામ બનાવે છે; એ કાળાં મોહડાંની એવી દુષ્ટ છે કે, લોકોને ઈશ્વરનું નામ લેવા દેતીજ નથી.

## આજનો દિન વિશેષ

### છોટુ રામ

સર છોટુ રામ (જન્મ રામ રિચપાલ; ૨૪ નવેમ્બર ૧૮૮૧ - ૯ જાન્યુઆરી ૧૯૪૫) બ્રિટિશ ભારતના પંજાબ પ્રાંતના એક અગ્રણી રાજકારણી હતા, જેઓ સ્વતંત્ર ભારતના પૂર્વેના વિચારધારા હતા, જેઓ જાટ સમુદાયના હતા અને દલિત સમુદાયોના હિતને આગળ ધપાવતા હતા. ભારતીય ઉપખંડ. આ પરાક્રમ માટે, તેમને ૧૯૩૭માં નાઈટનો ખિતાબ આપવામાં આવ્યો હતો. રાજકીય મોરચે, તેઓ રાષ્ટ્રીય સંઘવાદી પક્ષના સહ-સ્થાપક હતા જેણે સ્વતંત્ર ભારતમાં યુનાઈટેડ પંજાબ પ્રાંતમાં શાસન કર્યું હતું અને કોંગ્રેસ અને મુસ્લિમ લીગને ઉઘાડી પાડી હતી. ૧૯૧૬ માં, તેમણે જાટ ગેઝેટ નામનું સાપ્તાહિક અખબાર બહાર પાડ્યું, જે આજે પણ પ્રકાશિત થાય છે.

**પ્રારંભિક જીવન**

છોટુ રામનો જન્મ પંજાબ પ્રાંતના રોહતક જિલ્લાના ગઢી સાંપલા ગામમાં જાટ પરિવારમાં રામ રિચપાલ તરીકે થયો હતો. તેમના માતા-પિતા ચૌધરી સુખીરામ સિંહ ઓહલિયાન અને સરલા દેવી હતા. તેમણે છોટુ રામ ઉપનામ મેળવ્યું કારણ કે તેઓ તેમના ભાઈઓમાં સૌથી નાના હતા. તેના લગ્ન ખેરી જાટ, ઝજ્જરની એક જાટ છોકરી સાથે થયા હતા.

છોટુ રામ જાન્યુઆરી ૧૮૯૧ માં પ્રાથમિક શાળામાં જોડાયા, ચાર વર્ષ પછી પાસ આઉટ થયા. જ્યારે તેઓ લગભગ અગિયાર વર્ષના હતા ત્યારે તેમણે જિયાનો દેવી સાથે લગ્ન કર્યા હતા. તેમણે તેમના ગામથી ૧૨ માઈલ દૂર ઝજ્જરમાં તેમની મિડલ સ્કૂલની પરીક્ષા માટે અભ્યાસ કર્યો, પછી દિલ્હીની ક્રિશ્ચિયન મિશન સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. તેમણે ૧૯૦૩માં તેમની મધ્યવર્તી પરીક્ષા પાસ કરી અને સેન્ટ સ્ટીફન્સ કોલેજ, દિલ્હીમાં પ્રવેશ કર્યો જ્યાંથી તેમણે ૧૯૦૫ માં સંસ્કૃતમાં વિશિષ્ટતા સાથે સ્નાતક થયા. તેમના શિક્ષણના કેટલાક ભાગોને અગ્રણી જાટ પરોપકારી શેઠ છજ્જુ રામ દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવ્યું હતું.

પક્ષના સમર્થકોમાં અબ્દુલ કાદિર જેવા અગ્રણી શહેરી મુસ્લિમો હતા. સર છોટુનું તેમની રાજકીય કારકિર્દીમાં સૌથી મોટું કાર્ય પંજાબ રિસ્ટિટ્યુશન ઑફ મોર્ટગેજ લેન્ડ એક્ટ રજૂ કરવાનું હતું જેમાં ગીરો મૂકેલી જમીન વધુ વ્યાજ વિના મૂળ દેવું ચૂકવીને માલિકને પાછી આપી શકાય છે, દેવું ગમે તેટલું જૂનું હોય, પંજાબના જમીન માલિકોને બેકડીમાંથી મુક્ત કરીને. પૈસા ધીરનાર કે જેઓ જમીનની માલિકી ધરાવતા નહોતા પરંતુ અન્યાયી ગીરોના અધિકારોનો આનંદ ઉઠાવીને તેનો કબજો મેળવતા હતા. જેના કારણે દાયકાઓ પછી લાખો એકર જમીનનો કબજો લેવામાં આવ્યો, કેટલીકવાર પાઉડ દ્વારા. તેઓ જાટ સભાના મુખ્ય સંયોજક પણ હતા, જે પંજાબના જમીનમાલિકો અને ભાડૂતોનો અવાજ સમાન હતા. મંત્રી તરીકેના તેમના પગારનો નોંધપાત્ર ભાગ આર્થિક રીતે ગરીબ પરંતુ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ અને સ્ટાઈપેન્ડ માટે અલગ રાખવામાં આવ્યો હતો. પંજાબના મહેસૂલ મંત્રી તરીકે, તેમણે ખેડૂત કલ્યાણ નિધિની સ્થાપના કરી. ભાવિ નોબેલ પુરસ્કાર વિજેતા અબ્દુસ સલામ આ ફંડના લાભાર્થીઓમાંના એક હતા.

તમામ પંજાબીઓએ સ્વીકાર્યું કે છોટુ રામના અવસાનથી ગંભીર રાજકીય પરિણામો આવ્યા. તેમના નિધન પર શ્રદ્ધાંજલિ આપવા ખેડૂતો રોહતક પહોંચ્યા હતા.

## આધ્યાત્મ

### આધ્યાત્મિક સક્રિયતા

આધ્યાત્મિક સક્રિયતા એ એક એવી પ્રથા છે જે આધ્યાત્મિકતાના અન્ય વિશ્વ અને આંતરિક-કેન્દ્રિત કાર્ય અને બાહ્ય-કેન્દ્રિત કાર્ય (જે ભૌતિક અથવા ભૌતિક વિશ્વની પરિસ્થિતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે) ને એકસાથે લાવે છે. આધ્યાત્મિક સક્રિયતા દાવો કરે છે કે આ બે પ્રથાઓ અવિભાજ્ય છે અને એ માન્યતા માટે હાકલ કરે છે કે આંતરિક/બહાર, આધ્યાત્મિક/ભૌતિક અને વ્યક્તિગત/રાજકીયના દ્વિસંગીઓ બધા જીવંત વસ્તુઓ વચ્ચે અને વચ્ચે એક મોટા પરસ્પર જોડાયેલા સમગ્રનો ભાગ બનાવે છે. ક્વિઅર ચિકાના નારીવાદી અને સિદ્ધાંતવાદી ગ્લોરિયા ઇ. એન્ઝાલ્ડુઆના આધ્યાત્મિક કાર્યકર્તા પ્રેક્ટિસ પરના પ્રતિબિંબ પરના એક નિબંધમાં, એનાલુઇસ કીટિંગ જણાવે છે કે ''આધ્યાત્મિક સક્રિયતા એ સામાજિક પરિવર્તન માટે આધ્યાત્મિકતા છે, આધ્યાત્મિકતા જે એક સંબંધી વિશ્વ દૃષ્ટિકોણ રજૂ કરે છે અને આ સર્વાંગી વિશ્વ દૃષ્ટિકોણનો ઉપયોગ વ્યક્તિના સ્વ અને વ્યક્તિના વિશ્વને પરિવર્તન કરવા માટે કરે છે.''

### ડાભેલની હંસા હોસ્પિટલ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દમણનાં સહકારથી

# રોટરી ક્લબ ઓફ દમણ, શ્રી માછી મહાજન અને DFT ગ્રુપ દમણ દ્વારા 'ડાયાબિટીસ અવેરનેસ વોક' યોજાઈ

**નાગરિકોમાં થતા ડાયાબિટીસને અટકાવવા માટે સમયસર તપાસ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી નાની દમણ દિલીપનગર ગ્રાઉન્ડથી સમુદ્રનારાયણ મંદિર થઈ માછી મહાજન વિદ્યાલય સુધી આયોજીત 'ડાયાબિટિશ વોક'દરમિયાન ૧૫ જેટલા સ્થળોએ યોજવામાં આવેલી નિઃશુલ્ક સુગર તપાસ શિબિરો**




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૩**

હંસા હોસ્પિટલ ડાભેલ અને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દમણનાં સહકારથી રોટરી ક્લબ ઓફ દમણ, શ્રી માછી મહાજન અને DFT ગ્રુપ દમણ દ્વારા નાગરિકોમાં થતા ડાયાબિટીસને અટકાવવા માટે સમયસર તપાસ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ ફેલાવવાના હેતુથી ૨૧ નવેમ્બર,૨૦૨૫ના શુક્રવારે બપોરે ૩ વાગ્યે, નાની દમણ દિલીપનગર ગ્રાઉન્ડથી 'ડાયાબિટીસ અવેરનેસ વોક'નું આયોજન કરવામાં આવ્યું હતું.

'ડાયાબિટીસ અવેરનેસ વોક' દરમિયાન હંસા હોસ્પિટલે કાર્યક્રમ દરમ્યાન સ્વાસ્થ્ય માર્ગદર્શન, મેડિકલ સપોર્ટ તથા સુગર તપાસ માટે જરૂરી સામગ્રી અને સ્ટાફની વ્યવસ્થા કરી હતી, જ્યારે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દમણે પોતાની ઉત્સાહી હાજરીથી કાર્યક્રમને વધુ અસરકારક બનાવ્યો હતો. આ વોકમાં સનરાઈઝ ચેમ્પ સ્કૂલના વિદ્યાર્થીઓ, વાત્સલ્ય સ્કૂલના શિક્ષકો અને ઓસ્કર ફૂટબોલ ક્લબના બાળકો પણ જોડાયા હતા. જ્યારે રોટરી ક્લબ ઓફ દમણ, શ્રી માછી મહાજન અને DFT ગ્રુપ દમણે સમગ્ર કાર્યક્રમનું સંકલન અને સંચાલન ખૂબ જ સુંદર રીતે સંભાળ્યું.

આ 'ડાયાબિટીસ અવેરનેસ વોક' નાની દમણ ખાતેના દિલીપનગર ગ્રાઉન્ડથી શરૂ થઈને દમણના કિનારે આવેલી તમામ ૧૮ શેરીઓમાંથી પસાર થઈ સમુદ્રનારાયણ મંદિર સુધી ગઈ હતી અને ત્યારબાદ કવિ ખબરદાર માર્ગ પરથી પસાર થઈને અંતે શ્રી માછી મહાજન વિદ્યાલય ખાતે પૂર્ણ થઈ હતી. વોકના માર્ગમાં અલગ અલગ શેરીઓમાં કુલ ૧૫ નિઃશુલ્ક સુગર તપાસ શિબિરો યોજવામાં આવી હતી. જેમાં સ્થાનિક રહેવાસીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વોકની શરૂઆત રોટરી ક્લબ ઓફ દમણનાં પ્રમુખ શ્રી બલજીત સિંહ અરોરા, ક્લબનાં મુખ્ય દાતાઓ શ્રી ધર્મેશ ટંડેલ અને એરિસ્ટો હાઉસવેરના પ્રતિનિધિ, શ્રી માછી મહાજન સમાજનાં પ્રમુખ શ્રી હરિભાઈ અને હંસા હોસ્પિટલના ડૉ. પંકજ દેસાઈ દ્વારા ઝંડી બતાવીને કરવામાં આવી હતી.

વોકના અંતે શ્રી માછી મહાજન વિદ્યાલયના પ્રાંગણમાં, રોટરી ક્લબના સંયુક્ત સચિવ શ્રી જયેશ જોષીએ તમામ રોટરી સભ્યો જેમાં શ્રી રાજેશ ટંડેલ, શ્રી ખુર્શીદ માંજરા અને શ્રી તેજસ પારેખે મહત્ત્વની ભૂમિકા ભજવતા તેમનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે શ્રી માછી મહાજન, જેમણે વિશાળ જનભાગીદારી સુનિશ્ચિત કરી હતી, DFT ગ્રુપ દમણ, વાત્સલ્ય સ્કૂલ અને સનરાઈઝ ચેમ્પ સ્કૂલ, તેમજ આ અવેરનેસ વોક સાથે જોડાયેલા અને કાર્યક્રમને સફળ બનાવવા યોગદાન આપનાર તમામનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

હંસા હોસ્પિટલ ડાભેલનાં ડૉક્ટર શ્રી પંકજ દેસાઈ, જેમણે આ અવેરનેસ વોકનું બીજ વાવ્યું હતું અને સ્વાસ્થ્ય સહકાર તેમજ જાગૃતિ પ્રવૃત્તિઓમાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું, જેમનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દમણનો તેમની ઉત્સાહી હાજરી અને પ્રેરક ભાગીદારી માટે આભાર વ્યક્ત કરવામાં આવ્યો. અંતમાં દમણના તમામ નાગરિકો, યુવાઓ, વરિષ્ઠ નાગરિકો અને સ્વયંસેવકોનો હાર્દિક આભાર માનવામાં આવ્યો હતો.

આ વોક નાગરિકોમાં સ્વસ્થ જીવનશૈલી અપનાવવા, નિયમિત તપાસ કરાવવા અને ડાયાબિટીસ વિશે સતર્ક રહેવા માટે પ્રેરણાત્મક સંદેશ આપે છે.

# NCBને મળી સફળતા: દિલ્હીમાંથી ઝડપી પાડ્યું ૨૬૨ કરોડનું ડ્રગ્સ

**સેલ્સ મેનેજર જ નીકળ્યો માસ્ટર માઈન્ડ : સાથે જ NCBએ ૨ આરોપીઓની ધરપકડ કરી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૩**

નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)એ રાજધાની દિલ્હીમાં એક મોટી કાર્યવાહી કરતાં ૨૬૨ કરોડ રૂપિયાથી વધુનો ડ્રગ્સ જથ્થો જપ્ત કર્યો છે. આ કાર્યવાહી એક ફાર્મહાઉસ પર દરોડાથી શરૂ થઈ હતી, જ્યાંથી મળેલી મહત્વની લીડના આધારે NCBએ સતત ત્રણ દિવસ સુધી ઓપરેશન ચલાવ્યું. આ ઓપરેશનમાં આંતરરાષ્ટ્રીય સ્તરે સક્રિય સિન્થેટિક ડ્રગ નેટવર્કનો મોટો ખુલાસો થયો છે.

તપાસ દરમિયાન ટીમને એવી માહિતી મળી કે આ ટુકડી વિદેશી ઓપરેટરોના નિર્દેશ પર કામ કરતી હતી. ફાર્મહાઉસ પરના દરોડા બાદ દિલ્હી-NCBમાં અનેક ઠેકાણાઓ પર વોચ વધારી દેવામાં આવી અને શંકાસ્પદ લોકોની ગતિવિધિઓ પર નજર રાખવામાં આવી.

NCBએ આ ઓપરેશનમાં ૨૫ વર્ષીય શેન વારિસ નામના શખ્સને ઝડપી પાડ્યો છે, જે મૂળ ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના મંગરૌલી ગામનો રહેવાસી છે. ધરપકડ વખતે તે નોઈડા સેક્ટર-૫, હરૌલામાં ભાડાના મકાનમાં રહેતો હતો અને એક કંપનીમાં સેલ્સ મેનેજર તરીકે કામ કરતો હતો. તપાસમાં સામે આવ્યું છે કે શેન વારિસ પોતાના "બોસ"ના નિર્દેશ પર ફેક સિમ કાર્ડ પર વૉટ્સએપ ચાલુ કરીને ચેટ કરતો હતો, જેથી તેનું લોકેશન અને ગતિવિધિઓ ટ્રેસ ન થઈ શકે.

શેનને ૨૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ ઝડપી લેવામાં આવ્યો હતો. પૂછપરછમાં તેણે ડ્રગ નેટવર્કમાં પોતાની ભૂમિકા કબૂલી અને ઘણી મહત્વની જાણકારીઓ આપી. તેણે એક મહિલા એસ્થર કિમિનીનું નામ પણ જણાવ્યું, જેના મારફતે પોર્ટર રાઈડર દ્વારા નશીલા પદાર્થનું મોટું કન્સાઈનમેન્ટ મોકલવામાં આવ્યું હતું. તેણે તેનું સરનામું અને સંપર્ક વિગતો પણ NCBને આપી દીધી.

શેન વારિસે આપેલી માહિતીના આધારે NCBએ ૨૦ નવેમ્બરે છતરપુર એક્લેવ ફેઝ-૨ના એક મકાનમાં દરોડો પાડ્યો. અહીંથી ૩૨૮.૫૪ કિલો મેથામ્ફેટામિન જપ્ત કરવામાં આવ્યું, જેની આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત ૨૬૨ કરોડ રૂપિયાથી વધુ હોવાનું કહેવાય છે. આટલી મોટી માત્રામાં સિન્થેટિક ડ્રગ્સની જપ્તીને એજન્સી તાજેતરના વર્ષોમાં સૌથી મોટી સફળતાઓમાંની એક માની રહી છે. શેનની માહિતીથી એજન્સીને માલ જપ્ત કરવામાં જ મદદ ન મળી, પરંતુ નેટવર્કની વિદેશી લિંક, સ્થાનિક સાથીઓ, સપ્લાય રૂટ તથા લેવડ-દેવડની પદ્ધતિઓનો પણ ખુલાસો થયો છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ઓપરેશન 'ક્રિસ્ટલ ફોર્ટ્રેસ' હેઠળ મેગા ટ્રાન્સ-નેશનલ મેથામ્ફેટામિન કાર્ટેલનો પર્દાફાશ કરવા બદલ NCB અને દિલ્હી પોલીસની સંયુક્ત ટીમને અભિનંદન પાઠવ્યા છે. અમિત શાહે કહ્યું કે, આ ઓપરેશન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નશામુક્ત ભારતના વિઝનને અનુરૂપ એજન્સીઓ વચ્ચે સીમલેસ સમન્વયનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે જણાવ્યું કે, સરકાર top-to-botom અને botom-to-top અભિગમથી ડ્રગ કાર્ટેલને ખતમ કરવાની દિશામાં સતત કામ કરી રહી છે. નવી દિલ્હીમાં ૨૬૨ કરોડની ૩૨૮ કિલો મેથામ્ફેટામિનની જપ્તી અને બે આરોપીઓની ધરપકડ એક મોટી સફળતા રૂપે સામે આવી છે.

દિલ્હીમાં મેથામ્ફેટામિનની સૌથી મોટી જપ્તીઓમાંની એક છે. ઓપરેશન 'ક્રિસ્ટલ ફોર્ટ્રેસ' સરકારના સિન્થેટિક ડ્રગ કાર્ટેલ અને તેમના ટ્રાન્સ-નેશનલ નેટવર્કને ખતમ કરવાના સફળ પ્રયાસોને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

NCBની તપાસમાં સ્પષ્ટ થયું છે કે, આ ગિરોહ એક મોટા આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટનો ભાગ છે, જેને વિદેશમાં બેઠેલા ઓપરેટરો કંટ્રોલ કરતા હતા. એજન્સી હાલ સપ્લાયર્સ, સહ-કોન્સપિરેટર, ફાઈનાન્શિયલ ચેનલો, સ્ટોરેજ પોઈન્ટ અને ટ્રાન્સપોર્ટ રૂટનો સંપૂર્ણ નકશો તૈયાર કરી રહી છે. ટીમનું કહેવું છે કે આવનારા દિવસોમાં વધુ ધરપકડો થઈ શકે છે.

### શાહિદ કપૂરની ફિલ્મ વિવાહ જેવો કિસ્સો


# લગ્નના દિવસે દુલ્હનનો ભયાનક અકસ્માત થયો

**દુલ્હન અવની અને તેમના થનારા પતિ શેરોને હોસ્પિટલના ઇમરજન્સી વોર્ડમાં જ લગ્ન કર્યા હતા**

(સંપૂર્ણ સમાચાર સેવા)
**થિરૂવનંતપૂરમ્, તા.૨૩**

વિવાહ ફિલ્મ જેવો એક કિસ્સો કેરળમાંથી સામે આવ્યો હતો. એક કપલના લગ્ન પહેલા એવી ઘટના બની કે, દુલ્હન સીધી હોસ્પિટલ પહોંચી ગઈ હતી. કેરળના યુવક અને યુવતીના લગ્ન પહેલા ભાવુક ક્ષણ બની છે. દુલ્હન અવની અને તેમના થનારા પતિ શેરોને હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં જ લગ્ન કર્યા હતા. અવની અલપ્પુઝાની સ્કૂલ ટીચર છે. તે પોતાના લગ્નના ખાસ દિવસે મેકઅપ માટે પાર્લર જઈ રહી હતી, ત્યારે તેની કારનો ગંભીર અકસ્માત થયો હતો.

કોઈપણ યુવતી માટે પોતાના લગ્નનો દિવસ ખૂબ જ ખાસ હોય છે. પરંતુ જો લગ્નના દિવસે કોઈ ખરાબ ઘટના બને તો આખો પરિવાર ભાંગી પડે છે. કેરળમાં રહેતી એક યુવતી આવી જ ઘટનાનો ભોગ બની છે. લગ્નના દિવસે તે સલૂનમાં તૈયાર થવા જઈ રહી હતી ત્યારે કાર અકસ્માતમાં ઘાયલ થઈ ગઈ હતી. તેને તરત જ કોચીના લેકશોર હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. આ દિવસ તેને માટે



ખૂબ જ ખાસ હતો, તેથી બંને પરિવારોએ લગ્ન રદ ન કરવાનો નિર્ણય લીધો હતો. ડોકટરો, નર્સો અને નજીકના સંબંધીઓની હાજરીમાં અવની અને એન્જિનિયરિંગ પ્રોફેસર શેરોને કોઈપણ સંગીત કે સજાવટ વિના સાતફેરા લીધા હતા.


હોસ્પિટલ પ્રશાસને કપલની ભાવનાઓને સમજતા ઈમરજન્સી વિભાગમાં લગ્ન કરવાની મંજૂરી આપી હતી. અકસ્માત રાત્રે લગભગ ૩ વાગ્યે થયો જ્યારે અવની કેટલાક સંબંધીઓ સાથે મેકઅપ માટે કુમારાકોમ જઈ રહી હતી.

ડ્રાઈવરે અચાનક નિયંત્રણ ગુમાવ્યું અને કાર વૃક્ષ સાથે અથડાઈ હતી. લોકો તરત જ મદદ માટે આવ્યા અને બધાને કોટ્ટાયમ મેડિકલ કોલેજ પહોંચાડ્યા હતા. કરોડરજ્જુમાં ગંભીર ઈજા થવાને કારણે અવનીને ૭૦ કિલોમીટર દૂર એર્નાકુલમના લેકશોર હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. યુવતીના મંગેતરને જાણ થતાં જ તે તરત જ હોસ્પિટલ પહોંચ્યો અને બંને પરિવારોએ હોસ્પિટલ સ્ટાફને કહ્યું કે, લગ્ન નક્કી કરેલા સમયે જ કરવા છે. ડોકટરોની સલાહ લઈ ઈમરજન્સી વોર્ડમાં એક સરળ લગ્ન સમારોહ યોજાયો, જેમાં અવનીની સુવિધા અને સુરક્ષાનું સંપૂર્ણપણે ધ્યાન રાખવામાં આવ્યું હતું. વીડિયો વાયરલ થતા લોકો તેને શાહિદ કપૂર અને અમૃતા રાવની ફિલ્મ વિવાહ સાથે જોડવા લાગ્યા હતા.

સોશિયલ મીડિયા પર કપલના લગ્નનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તેના પર યુઝર્સ વિવિધ પ્રતિક્રિયા આપીને પ્રેમ વરસાવતા જોવા મળી રહ્યા છે. ઘણા યુઝર્સે કહ્યું હતું કે, આ પ્રકારનો પ્રેમ વિવાહ ફિલ્મની યાદ અપાવે છે, બીજાએ કહ્યું કે, સાચો પ્રેમ હજુ પણ જીવંત છે. તો કેટલાક લોકોએ સવાલો પણ ઉઠાવ્યા છે કે, તે ઠીક થવા દો, આ બધું ફિલ્મોમાં સારું લાગે રિયલમાં નહીં, હોસ્પિટલના બેડ પર લગ્ન કરવાનો મતલબ શું છે.

### દમણ ન.પા. કાઉન્સિલર અને પૂર્વ પ્રમુખ અસ્પીભાઈ દમણિયાએ

# દમણવાસીઓ માટે ગુજરાતી મૂવી 'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાયતે'નો રવિવારનો શૉ મફતમાં નિહાળવાની કરેલી વ્યવસ્થા








**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**દમણ, તા.૨૩:** આજે દમણની પ્રસિદ્ધ 'દમણ ટોકીઝ'માં ગુજરાતી ધાર્મિક ફિલ્મ **'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાયતે'**નો શૉ દમણની જનતા માટે તદ્દન મફતમાં નિહાળવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રાપ્ત માહિતી પ્રમાણે દમણ નગરપાલિકાના નવા ચૂંટાયેલા કાઉન્સિલર અને પૂર્વ ન.પા. પ્રમુખ શ્રી અસ્પીભાઈ દમણિયા તરફથી આજે ગુજરાતી ધાર્મિક ફિલ્મ **'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાયતે'**નો આખો શૉ બૂક કરાવીને સામાન્ય જનતાને મફત દેખાડવામાં આવ્યો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપ અધ્યક્ષ શ્રી મહેશભાઈ આગરિયા, પૂર્વ કાઉન્સિલર શ્રીમતી જસવિંદર કોર તથા શ્રી અનિલભાઈ ટંડેલ ઉપસ્થિત રહ્યા હતા, **'લાલો – શ્રી કૃષ્ણ સદા સહાયતે'** ફિલ્મના આજના આ શૉને અંદાજે ૫૬૦થી વધુ મહિલાઓએ નિહાળ્યો હતો.

# વલસાડ જિલ્લા પંચાયતના માર્ગ મકાનના પેટા વિભાગ દ્વારા નવા માર્ગ અને બ્રિજ કામોના કાર્ય શરૂ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં વાહન વ્યવહારની સુવિધાઓ મજબૂત અને સરળ બનાવવા હેતુસર પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ દ્વારા વિવિધ માર્ગો અને બ્રિજની મરામત અને વિકાસ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

સારંગપુર એપ્રોચ રોડ બ્રિજ પર ચોમાસાના કારણે બંધ થયેલા બ્રિજનું બાધકામ, સ્લેબ જોડાણો, ગાર્ડરેલ અને સલામતી મજબૂતી કામગીરી હાથ ધરવામાં આવી રહ્યા છે. ઓવાડા-રોહિતવાસ રોડ, કલવાડા સહકાર રોડ તેમજ વલસાડ તાલુકાના અન્ય ગ્રામ્ય માર્ગો પર રોડ લેવલિંગ, જંગલ કટિંગ અને પાણીની યોગ્ય નિકાસ માટે જરૂરી સુધારા કરવામાં આવ્યા છે. આ કામગીરી પૂર્ણ થયા બાદ રીસર્ફેસિંગ, શોલ્ડર મજબૂતી, સફાઈ અને સલામતી કાર્ય હાથ ધરવામાં આવશે.

આ કામગીરીઓના પરિણામે ગ્રામ્ય વિસ્તારો વચ્ચેના વાહનવ્યવહાર સુનિશ્ચિત બનશે, રોજિંદી અવરજવરમાં સરળતા આવશે અને સ્થાનિક પ્રજાજનોને સીધી રાહત મળશે. વિભાગ દ્વારા તમામ કામગીરી ગુણવત્તા, સલામતી અને પારદર્શિતાનું ધ્યાન રાખીને સુવ્યવસ્થિત રીતે હાથ ધરવામાં આવી રહી છે.

### સૈનિક તરીકે ખોટી ઓળખ ઉભી કરી ગન લાયસન્સ મેળવનાર

# ચીખલી તાલુકાના ઘેજ ગામના ભાજપ મહિલા અગ્રણીના પતિની એસઓજી કરેલી ધરપકડ


-તસવીરઃ દિપક સોલંકી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી(વંકાલ), તા.૨૩**

એસઓજી પોલીસ દ્વારા સૈનિક તરીકેની ખોટી ઓળખ ઉભી કરી ગન લાયસન્સ મેળવનાર ઘેજના ભાજપના મહિલા અગ્રણીના પતિની ધરપકડ કરવામાં આવી હતી. એસઓજી પોલીસે ઓક્ટોબર માસમાં જ ઘેજ ગામે છાપો મારી આરોપીના ઘરમાંથી ગેરકાયદેસર રિવોલ્વર, જીવતા અને ખાલી કારતૂસ સહિત ૮૦,૪૨૦/- રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને એકને વોન્ટેડ જાહેર કરાયો છે.

એસઓજીના સિનિયર પીઆઇ પી.એ.આર્યા, પીએસઆઇ પી.વાય. ચિત્તે, એમ.એમ.મોર્યા, એએસઆઇ નઈમખાન, હે.કો. મયુરભાઇ સહિતના સ્ટાફે પૂર્વ બાતમીના આધારે ૧૧/૧૦/૨૦૨૫ના રોજ ચીખલી તાલુકાના ઘેજ ગામના વાળંદ ફળીયા સ્થિત ઘનશ્યામ સોલંકીના ઘરે છાપો મારી દિવસભર મોડી સાંજ સુધી તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન છ નંગ કારતૂસ સાથે લોડેડ એક રિવોલ્વર, બે જીવતા કારતૂસ અને અઢાર નંગ ખાલી કારતૂસ મળી કુલ ૮૦,૪૨૦/- રૂપિયાનો મુદ્દામાલ અને ૧૫ રાજપૂત રેજીમેન્ટ આર્મીનો આઇકાર્ડ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરાઈ હતી.

તપાસ દરમ્યાન આર્મીનું આઇકાર્ડ અને હથિયારનું લાયસન્સ શંકાસ્પદ જણાતા ઊંડાણ પૂર્વક તપાસ હાથ ધરતા ૧૫-રાજપૂત રેજીમેન્ટ આર્મીનું ખોટું આઇકાર્ડ બનાવી, આર્મીના ખોટા દસ્તાવેજો બનાવી તેના ઉપર કમાન્ડીંગ ઓફિસરની ખોટી સહી સિક્કા કરી ખરા તરીકે જમ્મુ એન્ડ કાશ્મીરમાં ડોડા ખાતે ઉપયોગ કરી લાયસન્સ બનાવી તેના ઉપરથી કાનપુર ખાતેથી હથિયાર ખરીદ કરી આજદિન સુધી ખોટા દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરેલ હોવાનું બહાર આવતા પોલીસે ઘનશ્યામ રમણભાઇ સોલંકી (રહે.ઘેજ વાળંદ ફળીયા તા.ચીખલી જી.નવસારી) સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી અન્ય એક નરેન્દ્રસિંહ નામના વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી હતી.

જોકે એસઓજી પોલીસ દ્વારા ઘેજ ગામે ઓક્ટોબર માસમાં ઘનશ્યામ સોલંકીના ઘરે છાપો મારવામાં આવ્યો હતો. ત્યારથી સત્તાધારી ભાજપના રાજકીય વર્તુળમાં પણ આ બાબતે ભારે ચર્ચાસ્પદ બનવા પામી હતી. આરોપી જિલ્લાના ભાજપના મહિલા મોરચાના હોદ્દેદારનો પતિ હોવાથી આ સમગ્ર મામલો ભારે ગરમાયો હતો અને કેટલાક નેતાઓ આગેવાનો જાહેરમાં સલામત અંતર જાળવવાનું પણ મુનાસીબ માનવા લાગ્યા હતા. ત્યારે હવે એસઓજી દ્વારા વિધવત ધરપકડ કરાઈ છે. ત્યારે આગામી દિવસોમાં ભાજપના નેતાઓના અભિગમ કેવો રહેશે તે જોવું રહ્યું.

વધુમાં જાણવા મળ્યા મુજબ ઘેજ ગામેથી ધરપકડ કરાયેલ ઘનશ્યામ સોલંકી એક સમયે ખાનગી બોડીગાર્ડ રાખી રાજાશાહી ઠાઠમાઠમાં ફરતો હતો અને સામાન્ય માણસો પર રૂઆબ ઝાડવાની વાત સામાન્ય હતી અને જે તે સમયે પોલીસનું પણ પીઠબળ મળતા સામાન્ય લોકોની પરેશાની વધી હતી. તેવામાં પોલીસની હાલની કાર્યવાહીથી લોકોમાં દેર આયે દુરસ્ત આયેની ચર્ચા પણ વેગવાન બનવા પામી છે.

# સલવાવ સ્વામિનારાયણ ફાર્મસી કોલેજના વિદ્યાર્થીઓએ વાપીમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી






**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

શ્રીમતી ભાવનાબેન નાનુભાઈ બાંભરોલીયા સ્વામિનારાયણ ફાર્મસી કોલેજ સલવાવ વાપીના પ્રથમ વર્ષના બી. ફાર્મસીના વિદ્યાર્થીઓ માટે તારીખ ૧૮ અને ૧૯મી નવેમ્બર ૨૦૨૫ મંગળવાર અને બુધવારના રોજ એસ.કાંત હેલ્થકેર લિમિટેડ, વાપી જીઆઈડીસી ખાતે આવેલી ફાર્માસ્યુટીકલ્સ કંપનીમાં ઈન્ડસ્ટ્રીયલ વિઝીટનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ માટેનું સમગ્ર નેતૃત્વ કેમ્પસ એકેડેમિક ડીરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર અને કોલેજના આચાર્ય શ્રી ડો. સચિન બી. નારખેડે દ્વારા કરવામાં આવ્યું હતું તેમજ અસોસિએટ પ્રોફેસર શેતલ દેસાઈ અને અસોસીએટ પ્રોફેસર ભૂમિ પટેલ, આસિસ્ટન્ટ પ્રોફેસર હર્ષ લાડ, ખુશ્બુ પટેલ અને નિશા પાટીલ તેમજ બી.ફાર્મના કુલ ૧૦૭ વિદ્યાર્થીઓને લઇ કંપનીની મુલાકાત લીધી હતી.

આ ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી વિઝીટનો મુખ્ય હેતુ એકેડેમીક અને ઈન્ડસ્ટ્રીઝના પારસ્પરિક સંબંધો વધુ મજબૂત બને તેમજ વિદ્યાર્થીઓને ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રીઝના વર્તમાન દ્રશ્ય વિશે માહિતી મળે એ હતો. આ ઈન્ડસ્ટ્રી વિઝિટમાં ઈન્ડસ્ટ્રીઝના સમગ્ર પાસાઓને આવરી લેવામાં આવ્યા હતા. તેમજ જુદા જુદા ડિપાર્ટમેન્ટની મુલાકાત લેવામાં આવી હતી, જેવા કે એક્ટિવ ફાર્માસ્યુટીકલ ઈન્ગ્રેડીયન્સ (એ.પી.આઈ.), એનાલિટીકલ ડેવલોપમેન્ટ લેબોરેટરી, ક્વોલેટી કંટ્રોલ ડીપાર્ટમેન્ટ, પેકેજિંગ સેક્ટર, એન્વાયરમેન્ટલ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, ફોર્મ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ, ક્વોલેટી કંટ્રોલ ડીપાર્ટમેન્ટ, વેર હાઉસ અને પ્રોડક્શન ડીપાર્ટમેન્ટ આ દરેક ડિપાર્ટમેન્ટમાં થતી વિવિધ કાર્યવાહી વિશે વિદ્યાર્થીઓને ઝીણવટપૂર્વક માહિત આપવામાં આવી હતી.

આ વિઝીટ દરમ્યાન એસ. કાંત હેલ્થકેર લિમિટેડ કંપનીના પ્લાન્ટ હેડ શ્રી મહેશ કોલમ્બે, એચ.આર. ડીપાર્ટમેન્ટના હેડ શ્રી લતેશ નીમાડે અને પ્રોડક્શન હેડ શ્રી ચિરાગ શાહ દ્વારા દરેક ડિપાર્ટમેન્ટમાં થતી વિવિધ કાર્યવાહી વિશે વિદ્યાર્થીઓને ઝીણવટપૂર્વક માહિતગાર કર્યા હતા.

આ ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ માટે સમગ્ર ટીમનો સંપૂર્ણ રીતે સહકાર આપવા બદલ કોલેજના આચાર્યશ્રી ડો. સચિન બી. નારખેડેએ આભાર માન્યો હતો તથા શ્રી સ્વામિનારાયણ સંસ્થાના આદ્યસ્થાપક પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજિંગ ટ્રસ્ટી પરમ પૂજ્ય પૂરાણી સ્વામી કપિલજીવનદાસજી, પૂજ્ય રામ સ્વામીજી, પૂજ્ય હરિ સ્વામીજી, સંસ્થાના ટ્રસ્ટી શ્રી બાબુભાઈ સોડવડીયા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, કેમ્પસ એકેડેમિક ડિરેક્ટર પ્રોફેસર ડૉ. શૈલેષ વી. લુહાર, કેમ્પસ એડમીન ડિરેકટર શ્રી. હિતેન બી. ઉપાધ્યાય, આચાર્યશ્રી ડો. સચિન બી નારખેડે અને તમામ સ્ટાફે સૌને અભિનંદન પાઠવ્યા હતા.

# ગુજરાત પ્રદેશ ભાજપ મહામંત્રીએ વલસાડ ખાતે નિર્માણ પામી રહેલ જિલ્લા ભાજપ કાર્યાલયનું સ્થળ નિરીક્ષણ કર્યું




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન મહામંત્રી રત્નાકરજીએ વલસાડ ખાતે નિર્માણ પામી રહેલ જિલ્લા ભાજપ કાર્યાલયનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, દેશના ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહ, ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે.પી. નડ્ડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર ગુજરાતમાં નવા જિલ્લા ભાજપ કાર્યાલયનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત વલસાડ જિલ્લા ભાજપ મુખ્ય કાર્યાલયનું શ્રી ચંદ્રમાલેશ્વર મહાદેવજી મંદિર પાસે નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, આજરોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના સંગઠન મહામંત્રી શ્રી રત્નાકરે વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારા, લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલ સાથે નિર્માણ કાર્યનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું આ તબક્કે વલસાડ જિલ્લા ભાજપના મહામંત્રી શ્રી શિલ્પેશભાઈ દેસાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા ૦૨ ડિસેમ્બર સુધી પ્રતિબંધાત્મક જાહેરનામું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વલસાડ જિલ્લામાં હાલની પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખી રાજ્યની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એમ. ડી. ચુડાસમાએ ગુજરાત પોલીસ અધિનિયમ (સને - ૧૯૫૧)ની કલમ -૩૭(૧) થી મળેલી સત્તાની રૂએ તા. ૦૨ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી વિવિધ કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જાહેરનામા અનુસાર શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, છરા, લાકડી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવાની, સ્ફોટક પદાર્થ લઈ જવાની, કોઈપણ સરઘસમાં સળગતી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની, વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવાની, અપમાન કરવાના ઈરાદાથી બિભત્સ સૂત્રો પોકારવાની, અશ્લિલ ગીતો ગાવાની અથવા ટોળામાં ફરવાની જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવા કોઈપણ કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

આ હુકમ સરકારી નોકર કે કામ કરતી વ્યક્તિઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાની ફરજ હોય કે પોલીસ અધિક્ષક વલસાડ અથવા તેણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશક્તિને કારણે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તેવી વ્યક્તિ અને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી વ્યક્તિ અને સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો તથા અભિયાનને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાના કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમ (સને-૧૯૫૧ના ૨૨માં)ના કાયદાની કલમ-૧૩૫(૧) તથા ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનો ભંગ કરનાર વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા વલસાડ જિલ્લામાં ફરજ બજાવતા નાયબ પોલીસ અધિક્ષકથી પોલીસ સબ ઈન્સ્પેકટર કક્ષાના તમામ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

વાપી તથા આસપાસના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરો
સંજય તાડા - 99244 66899
સુરેશ ઉમતિયા - 98259 89444

# વાપીના મોટી તંબાડી અને દેગામમાં ખેડૂતોને ખેડૂત પોથીની માહિતી અપાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

વાપીના મોટી તંબાડી અને દેગામ ગામમાં પ્રાકૃતિક ખેતી તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન તારાબેન પટેલ અને કૃષિ સખી વિનેશ્રીબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી. દરેક ગ્રુપમાં જોડાયેલા ખેડૂતોને આત્મા યોજના દ્વારા આપવામાં આવેલી ખેડૂત પોથીની માહિતી આપવામાં આવી હતી. આ સાથે ખેડૂતોને ઓર્ગેનિક પ્રમાણપત્ર મળે તે માટે માહિતી આપી હતી. જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય ખુબ જ બગડી રહ્યું હોવાથી પ્રાકૃતિક ખેતી કરી આવનારી ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણ મુક્ત અને ઉપજાવ જમીન આપી શકાય તે અંગે ખેડૂતોને માહિતી આપવામાં આવી હતી.

# ઓલપાડના માસમા ક્લસ્ટર સંલગ્ન પ્રાથમિક શાળાઓમાં એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ અંતર્ગત સેનેટરી પેડ વિતરણ કરાયા



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ઓલપાડ, તા.૨૩**

સમગ્ર શિક્ષા, ગાંધીનગર આયોજીત ગર્લ્સ એજ્યુકેશન શાખાનાં ઓ.આઈ.સી. દર્શનાબેન સુથાર તેમજ બાળ અધિકાર સંરક્ષણ આયોગનાં અધ્યક્ષ ધર્મિષ્ઠાબેન ગજ્જર દ્વારા એડોલેશન એજ્યુકેશન પ્રોગ્રામ અન્વયે બાળ અધિકારોનાં સંરક્ષણ માટે અનેકવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. તરુણ-તરુણીઓમાં વિવિધ પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે જેમકે તેમનાં શરીરમાં આવતાં શારીરિક ફેરફાર, માનસિક ફેરફાર વગેરે. જેનાથી શાળાઓમાં તરુણીઓને હાજરી પિરિયડ્સ દરમિયાન અનિયમિત જોવા મળતી હતી. આ મૂંઝવણનો ઉકેલ મળી રહે અને તરુણીઓનો શરમ સંકોચ દૂર થાય તેવાં હેતુથી ઓલપાડ તાલુકાનાં ક્લસ્ટર રિસોર્સ સેન્ટર, માસમા સંલગ્ન પ્રાથમિક શાળાઓમાં સેનેટરી પેડનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે થકી વિદ્યાર્થીનાં શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક અને બૌદ્ધિક સ્વાસ્થ્ય કેળવવાની જરૂરિયાત છે તેવી સમજ પ્રાપ્ત થયેલ.

આરોગ્ય અને સુખાકારી વિદ્યાર્થીનાં વ્યક્તિત્વ વિકાસ માટે વર્તમાન સમયમાં સૌથી પાયાની જરૂરિયાત છે તે આ અભ્યાસ પરથી જાણકારી પ્રાપ્ત થઈ હતી. આ અભ્યાસનાં તારણ માટે શાળા તેમજ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને Good touch-bad touchની પણ સમજ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને માસમાનાં સી.આર.સી. કો-ઓર્ડિનેટર આશા ગોપાણી દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યો હતો.

વર્તમાન પ્રવાહ

તંત્રી લેખ

# અદાલત પોતાના બંધારણીય અધિકારનો ઉપયોગ રાષ્ટ્રપતિ તરફથી ન થતી કાર્યવાહી સંદર્ભે પણ કરી શકે છે

**વિ**ધાનસભામાં પસાર થતા ઠરાવવિધેયકો મંજૂર કરવાની કોઈ સમય સીમા રાજ્યપાલો કે રાષ્ટ્રપતિ માટે નિશ્ચિત કરી શકાય નહીં તેવો ચુકાદો સુપ્રીમકોર્ટે ગુરુવારે આપ્યો તેના અનેક સૂચિતાર્થ છે. અદાલતની ક્ષમતા અને બંધારણીય પદની ગરિમા બંને જળવાયા છે, સાથે જ લાંબા સમયથી ચાલતા વિવાદ ઉપર પણ વિરામ લાગ્યું છે. જે વિધેયકો પસાર થાય તેને મંજૂરી આપવા માટે જો વિલંબ થાય તો અદાલત તેમાં દખલ કરી પણ શકે તેવું સ્પષ્ટ રીતે જણાવાયું છે. આવા કિસ્સામાં રાજ્યપાલો માટે ત્રણ વિકલ્પ ખુલ્લા રહેશે. દેશની સંસદીય અને બંધારણીય વ્યવસ્થા માટે આ ચુકાદો માર્ગદર્શક બની રહેશે. તમિલનાડુના રાજ્યપાલ અને સરકાર વચ્ચે થોડા સમય પહેલાં વિધેયકો સંદર્ભે વિવાદ થયો હતો. વિધાનસભામાંથી પસાર થયેલા બિલવિધેયક રાજ્યસભાએ રોકી રાખ્યા હતા. આ મુદ્દે સુપ્રીમકોર્ટે આઠમી એપ્રિલે આદેશ આપ્યો હતો કે, વિધેયક રોકવાની કોઈ વિશેષ સત્તા રાજ્યપાલ પાસે નથી. સુપ્રીમકોર્ટે એવું પણ કહ્યું હતું કે, રાજ્યપાલ તરફથી મોકલાયેલા વિધેયકો ઉપર રાષ્ટ્રપતિએ પણ ત્રણ મહિનાની અંદર નિર્ણય લેવો પડશે. ગુરુવારે આવેલા ચુકાદા પછી આ બાબતે સ્પષ્ટતા થઈ ગઈ છે. પાંચ જજની પીઠે સર્વસંમતિથી એવું કહ્યું છે કે, કોઈ પણ વિધેયકને વધારે સમય માટે રોકી રાખવું તે સંઘવાદનું ઉલ્લંઘન ગણાશે. કોર્ટે કહ્યું કે, રાજ્યપાલને ચોક્કસ કોઈ બિલ રોકી રાખવું જરૂરી લાગે તો રોકવાનો અધિકાર છે. તેના માટે કોઈ સમયસીમા નથી, પરંતુ વિલંબના સંજોગમાં અદાલત દખલ કરી પણ શકે છે. રાજ્યપાલ પાસે ત્રણ વિકલ્પ છે, એક તો ખરડો તત્કાલ મંજૂર કરે અથવા ફેરવિચારણાં માટે ગૃહને મોકલે કે પછી રાષ્ટ્રપતિને પુનઃ મોકલી દે. વિધાનસભાઓ દ્વારા પસાર થયેલા વિધેયકની મંજૂરી માટે બંને બંધારણીય પદને કોઈ સમયસીમામાં બાંધી શકાશે નહીં. જો રાજ્યપાલ કે રાષ્ટ્રપતિ મંજૂરી માટેનો વિધેયકનો જવાબ નથી આપતા તો કાયદો એવું માની લે છે કે, મંજૂરી મળી ગઈ છે. રાજ્યપાલ કોઈ પણ નિર્ણય વખતે મંત્રીમંડળની સલાહથી બંધાયેલા નથી. વિધેયકની યથાર્થતા શું છે તે અદાલતનું કાર્યક્ષેત્ર ભલે ન હોય, પરંતુ કોઈ કારણ વગર જો વિલંબ લંબાય તો જરૂરી નિર્દેશ અદાલત આપી પણ શકે છે. અદાલત પોતાના બંધારણીય અધિકારનો ઉપયોગ રાષ્ટ્રપતિ તરફથી ન થતી કાર્યવાહી સંદર્ભે પણ કરી શકે છે.

### નિવૃત્તિ બાદ તેઓ કોઈ સરકારી પદ સ્વીકાર નહીં કરે

## ચીફ જસ્ટિસ બી. આર. ગવઈનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો

**જસ્ટિસ ગવઈએ કહ્યું કે તેઓ પહેલા ૧૦ દિવસ આરામ કરશે અને પછી આગળની યોજના પર વિચાર કરશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩:** ભારતના ૫૨માં ચીફ જસ્ટિસ બી. આર. ગવઈનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો છે. રવિવારે તેઓ પોતાના પદથી નિવૃત્ત થઈ રહ્યા છે. નિવૃત્તિના પહેલા તેમણે ઘણા મુદ્દાઓ પર પોતાના વિચાર પ્રગટ કર્યા. સામાજિક ન્યાય અને ભવિષ્યની યોજનાઓ વિશે જણાવતા તેમણે સ્પષ્ટ કર્યું કે નિવૃત્તિ બાદ તેઓ કોઈ પણ સરકારી પદ સ્વીકાર નહીં કરે.




જસ્ટિસ ગવઈએ કહ્યું કે તેઓ પહેલા ૧૦ દિવસ આરામ કરશે અને પછી આગળની યોજના પર વિચાર કરશે. તેમણે કહ્યું કે સમાજ સેવા તેમના લોહીમાં છે અને આદિવાસી વિસ્તારોમાં સામાજિક કાર્ય કરવાની ઈચ્છા છે.

જસ્ટિસ ગવઈએ સ્વતંત્ર ન્યાયતંત્ર મુદ્દે પણ મોટું નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે કોઈ જજ સરકારના પક્ષમાં ચુકાદો આપે તો તેનો અર્થ એ નથી કે તે સ્વતંત્ર નથી. કાયદા અને બંધારણના આધારે જ ચુકાદો આપવામાં આવે છે.

આ સિવાય તેમણે એસ. સી. અને એસ. ટી. અનામતમાં પણ ક્રીમી લેયર લાગુ કરવાની આવશ્યકતા પર વાત કરી. તેમણે કહ્યું કે અનામતનો લાભ જેમને જરૂર છે તેમના સુધી પહોંચવો જરૂરી છે. તેમણે સોશિયલ મીડિયા મુદ્દે કહ્યું કે સોશિયલ મીડિયા આજના સમયમાં સમસ્યા બની ગયું છે. અમે જે નથી કહેતા તે પણ બતાવવામાં આવે છે. માત્ર ન્યાયતંત્ર જ નહીં સરકાર અને અન્ય બંધારણીય સંસ્થાઓ પણ સોશિયલ મીડિયાના કારણે પ્રભાવિત થઈ રહી છે. એક સવાલ દરમિયાન જ્યારે તેમને સવાલ કરાય કે જજના ઘરે પૈસા મળવાની સ્થિતિમાં [illegible] નોંધાવવી જોઈએ કે નહીં? ત્યારે [illegible]એ કોઈ પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કરતાં કહ્યું કે યશવંત વર્મા કેસમાં હું કોઈ કોમેન્ટ નહીં કરું કારણ કે આ મામલો હવે સંસદ પાસે છે.

### વિપક્ષના ભારે વિરોધ વચ્ચે ગૃહ વિભાગની સ્પષ્ટતા

## ચંડીગઢ માટે કોઈ નવું બિલ નથી લાવી રહી કેન્દ્ર સરકાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩:** કેન્દ્ર સરકાર આગામી શિયાળુ સ્તરમાં સંસદમાં અનેક નવા બિલ લાવી રહી છે. જેમાં બંધારણમાં પણ સંશોધન કરવાની પણ તૈયારી છે. જોકે ચંડીગઢને બંધારણના ૨૪૦માં અનુચ્છેદમાં સામેલ કરવામાં આવશે તેવી અટકળો તેજ થતાં પંજાબ અને હરિયાણાનું રાજકારણ ગરમાયું હતું. વિપક્ષ દ્વારા અત્યારથી જ આ મુદ્દે ભારે વિરોધ શરૂ થઈ ગયો હતો. જે બાદ આખરે કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સ્પષ્ટતા કરી છે.

**ચંડીગઢને બંધારણના ૨૪૦માં અનુચ્છેદમાં સામેલ કરવામાં આવશે તેવી અટકળો તેજ રાજકારણ ગરમાયું**

ગૃહ મંત્રાલયે કહ્યું છે કે કેન્દ્ર શાસિત પ્રદેશ ચંડીગઢ માટે કેન્દ્ર સરકાર દ્વારા કાયદો બનાવવાની પ્રક્રિયાને સરળ કરવા માટે કેન્દ્ર સરકાર વિચારણા કરી રહી છે. પરંતુ આ પ્રસ્તાવ પર કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. ચંડીગઢમાં શાસન કે તંત્રની વ્યવસ્થાને બદલવાનો કોઈ વિચાર નથી. ચંડીગઢ સાથે પંજાબ અને હરિયાણાના પરંપરાગત સંબંધોને પરિવર્તિત કરવાની પણ કોઈ વાત વિચારાધીન નથી. ચંડીગઢના હિતમાં જે કોઈ પણ નિર્ણય લેવાશે તે તમામ હિતધારકો સાથે ચર્ચા વિચારણા બાદ જ લેવાશે. આ વિષય પર ચિંતાની કોઈ આવશ્યકતા નથી. આગામી શિયાળુ સત્રમાં આ મુદ્દે કોઈ જ બિલ સરકાર સંસદમાં લાવવાની નથી.

નોંધનીય છે કે અનુચ્છેદ ૨૪૦ હેઠળ રાષ્ટ્રપતિ અમુક કેન્દ્ર શાસિત પરદેશો જેમકે અંદામાન નિકોબાર ટાપુ, લક્ષદ્વીપ, દાદરા નગર હવેલી, દીવ-દમણ, પોંડિચેરી માટે કાયદો બનાવી શકે છે. જ્યારે તેમની વિધાનસભા ભંગ કે પછી સસ્પેન્ડ હોય ત્યારે રાષ્ટ્રપતિ આ કેન્દ્ર શાસિત પ્રદેશ માટે કાયદો બનાવી શકે છે.

જોકે છેલ્લા બે દિવસથી એવી ચર્ચા ચાલી રહી હતી કે આ યાદીમાં ચંડીગઢને પણ સામેલ કરવામાં આવશે. જેના પર કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને શિરોમણી અકાલી દળ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો હતો. પંજાબ કોંગ્રેસના અધ્યક્ષ અમરિન્દર સિંહ રાજાએ કહ્યું હતું કે કેન્દ્ર સરકારે આ મુદ્દે કેન્દ્ર સરકારે સ્પષ્ટતા આપવી જોઈએ. ચંડીગઢને પંજાબથી અલગ કરવાના પ્રયાસ ચિંતાજનક છે.

બીજી તરફ આમ આદમી પાર્ટીના ચીફ અરવિંદ કેજરીવાલે કહ્યું હતું, કે ભારતીય જનતા પાર્ટી બંધારણમાં ફેરબદલ કરીને ચંડીગઢ પરથી પંજાબના અધિકાર સંપાત કરવા માંગે છે.

આ પંજાબની ઓળખ અને અધિકારો પર સીધો હુમલો છે. પંજાબનો હક છીનવવાની માનસિકતા અત્યંત ખતરનાક છે. પંજાબે દેશની સુરક્ષા, અનાજ, પાણી માટે બલિદાન આપ્યું અને હવે તેનો હક છીનવાઈ રહ્યો છે. ચંડીગઢ પંજાબનું છે અને રહેશે.

# સંસારવૃક્ષનું છેદન કર્યા પછી શું કરવું જોઈએ?

**સં**સારવૃક્ષનું છેદન કર્યા પછી શું કરવું જોઈએ? તેનું વિવેચન કરતાં ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતા (૧૫/૪)માં કહે છે કે..,

તતઃપદં તત્પરિમાર્ગિતવ્યં યસ્મિન્ગતા ન નિવર્તન્તિ ભૂયઃ

તમેવ ચાદ્યં પુરૂષં પ્રપદ્યે યતઃ પ્રવૃત્તિઃ પ્રસૃતા પુરાણી..

તેના પછી પરમ પદની ખોજ કરવી જોઈએ. જેને પ્રાપ્ત કર્યા પછી મનુષ્યો ફરીથી પાછા વળીને સંસારમાં આવતા નથી અને જેનાથી અનાદિકાળથી ચાલતી આવવાવાળી આ સૃષ્ટિ વિસ્તારને પ્રાપ્ત થઈ છે એ આદિ પુરૂષ પરમાત્માને જ હું શરણે છું. પરમાત્માની ખોજ કરતાં પહેલાં સંસાર સાથે સબંધ વિચ્છેદ કરવો બહુ જ આવશ્યક છે. કારણ કે, પરમેશ્વર તો તમામ સ્થળ કાળ વસ્તુ વ્યક્તિ ઘટના પરીસ્થિતિ વગેરેમાં જેમ છે તેમ વિધમાન છે. ફક્ત સંસાર સાથે સબંધ માનવાના કારણે જ નિત્ય પ્રાપ્ત પરમેશ્વરના અનુભવમાં વિઘ્ન આવી રહેલ છે. સંસાર સાથે સબંધ ચાલુ રહેવાથી પરમેશ્વરની ખોજ કરવામાં ઢીલાશ આવે છે અને સેવા સ્મરણ સત્સંગ વગેરે સર્વ કંઈ કરવા છતાં પણ વિશેષ લાભ દેખાતો નથી.

જીવ પરમેશ્વરનો અંશ છે. સંસાર સાથે સંબંધ માની લેવાના કારણે જ પોતાના અંશી પરમેશ્વરના સંબંધને ભૂલી ગયો છે. શરીર સંસાર સાથે મારો કોઈ સંબંધ નથી, આ તત્ત્વનો અનુભવ કરવો એ જ સંસારવૃક્ષનું છેદન કરવું છે અને હું પરમાત્માનો અંશ છું. આ વાસ્તવિકતામાં હર હંમેશાં સ્થિત રહેવું એ જ પરમેશ્વરની ખોજ કરવી છે. આ ખોજ ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સંત (સદ્ગુરૂ) વિના સંભવ નથી એટલે જ સદ્ગુરૂ નિરંકારી બાબાએ પોતાના પ્રસિધ્ધ ગ્રંથ 'અવતારવાણી' માં કહ્યું છે કે:, જે ઈશ્વર સાથે મિલાવે એ સદ્ગુરૂ પુરા છે, જે જીવનને શાંત બનાવે એ સદ્ગુરૂ પુરા છે, જે ઘરમાંહી ઘર બતાવે એ સદ્ગુરૂ પુરા છે, સદ્ગુરૂ પુરાની એ જ નિશાની, પલમાં દેખાડે અંગસંગ રામ, કહે અવતાર એ બ્રહ્મજ્ઞાની છે જે દેખાડે બ્રહ્મનું ધામ.

(અવતારવાણી:૨૯૯)

જેવી રીતે જળનું બિંદુ સમુદ્રમાં ભળી ગયા પછી ફરીથી સમુદ્રથી અલગ થઈ શકતું નથી એવી જ રીતે પરમેશ્વરનો અંશ (જીવાત્મા) પરમેશ્વરને પ્રાપ્ત થયા પછી ફરીથી પરમેશ્વરથી અલગ થઈ શકતો નથી. એટલે કે ફરીથી પાછો વળીને સંસારમાં આવતો નથી. ઊંચ- નીચ યોનિઓમાં જન્મ લેવાનું કારણ પ્રકૃત્તિ અથવા તેના કાર્ય ગુણોનો સંગ જ છે.

સંપૂર્ણ અવતારવાણીમાં કહ્યું છે કે હે મન મારૂં સ્વરૂપ માની પુરા ગુરૂથી જ્ઞાન ગ્રહો, તન મન ધન સૌ અર્પણ કરી દો દુષ્ટદુર્જનોનો સંગ ત્યજો, જન્મ-મરણનાં બંધન તૂટે આવાગમન છૂટી જશે, અવતાર ગુરૂના ચરણ સ્પર્શથી જીવન મુક્તિ થઈ જશે. (અવતારવાણી:૧૦૦)

જેનો કોઈ આદિ નથી પરંતુ જે બધાનો આદિ છે તે આદિ પુરૂષ પરમેશ્વરનો જ આશ્રય ટકવાવાળો છે માટે પરમેશ્વર સાથે પોતાના વાસ્તવિક સંબંધને ઓળખીને એક માત્ર પરમેશ્વરને શરણે થઈ જવું જોઈએ. તારી રચનાનો અને વિસ્તારનો અંત નથી, આદિ તારો ના નિરખાતો અનાદિનો પણ અંત નથી, કરે કૃપા જો સ્વંયમ્ કૃપાળુ, સ્વંયમનું રૂપ બતાવે છે, અવતાર ગુરૂ મળે જો પુરા ક્ષણમાં રામ બતાવે છે. (અવતારવાણી:૨૪)

જે મહાપુરૂષોને આદિ પુરૂષ પરમેશ્વરના શરણે જઈને પરમપદની પ્રાપ્તિ થઈ છે તેઓનાં લક્ષણોનું વર્ણન કરતાં ભગવાન ગીતા(૧૫/૫)માં કહે છે કે...,

નિર્માનમોહા જીતસંગ દોષા અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ

દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખ-દુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્ય મૂઢાઃ પદમવ્યયં તત્..

'જેઓ માન અને મોહથી રહિત થઈ ગયા છે, જેઓએ આસક્તિથી થવાવાળા દોષને જીતી લીધા છે, જેઓ નિત્ય નિરંતર પરમેશ્વરમાં જ લાગેલા છે, જેઓ પોતાની દ્રષ્ટિએ તમામ કામનાઓથી રહિત થઈ ગયા છે, તેઓ સુખ-દુઃખરૂપી દ્વંદ્વોથી મુક્ત થઈ ગયા છે એવા (ઊંચી સ્થિતિવાળા) મોહ રહિત ભક્તો તે અવિનાશી પરમપદ (પરમાત્મા)ને પ્રાપ્ત થાય છે.' આ શ્લોકમાં પ્રભુ પરમેશ્વરને ગમતા માણસોનું વર્ણન છે.




અમૂઢ માણસો અવ્યય (અવિનાશી) પદને પ્રાપ્ત કરે છે. જેને માનની અપેક્ષા નહીં, જેને મોહ નહીં, તે અમૂઢ છે. શરીરમાં હું મારાપણું થવાથી જ માન-આદર અને સત્કારની ઈચ્છા થાય છે. શરીર સાથે પોતાનો સંબંધ માનવાના કારણે જ મનુષ્ય શરીરના માન-આદરથી ભૂલથી પોતાનાં માન-આદર માની લે છે અને ફસાઈ જાય છે. જે ભક્તોનું ફક્ત ભગવાનમાં પોતાપણું હોય છે તેઓનું શરીરમાં હું મારાપણું રહેતું નથી. આથી તેઓ શરીરના માન-આદરથી પ્રસન્ન થતા નથી. ભગવાનના શરણે થતાં તેઓનો શરીર સાથે મોહ રહેતો નથી પછી માન-આદરની ઈચ્છા કેવી રીતે થાય..?




આ શ્લોકમાં સાધકની યોગ્યતા બતાવાઈ છે. આવું પદ કોણ પ્રાપ્ત કરી શકે? અહીં જેણે ઘરબાર, પરિવાર, પત્નીનો ત્યાગ કર્યો છે તેવું નથી લખ્યું, આવું બધું કર્યા પછી પણ માનમોહ ત્યજાતો નથી. રાગીઓ કરતાં ત્યાગીઓને માનમોહ વધારે હોય છે. સંસારીઓ ધનસત્તા માટે લડતા ઝઘડતા હોય છે અને ત્યાગીઓ માનપ્રતિષ્ઠા માટે ઝઘડતા હોય છે. બધાનું મૂળ મોહ છે તો શું માન હોય જ નહિ? પોતે જે માનનો હક્કદાર હોય, તે માન તેને જાણી કરીને આપવામાં ન આવે અને કોઈ તેનો વિરોધ કરે તો તે હક્કની લડાઈ છે. જો ત્યાગી તે હક્ક જતો કરે તો નિર્માનમોહ કહેવાય. આ ત્યાગ બે રીતે થાય છે. નમાલાપણાથી એટલે કે વિરોધ કરવાની હિંમત ન હોવાથી અને સાચી નમ્રતાથી.

ગીતા ભલે યુદ્ધનો ગ્રંથ હોય તો પણ તેનો પ્રાણ તો મોક્ષ જ છે એટલે તે વારંવાર પરમપદ, પુનઃ જન્મનો અભાવ, નિર્વાણ, મોક્ષ, પરમધામ વગેરેની વાતો કરે છે. આ શ્લોકમાં પણ પુનરાવર્તન ન થાય તેવા પદની વાત કરે છે. આ સંસારરૂપી વૃક્ષ બે પ્રકારનું છેઃ એક ઈશ્વરરચિત અને બીજું જીવરચિત.જે ઈશ્વરરચિત છે તેને છેદી ન શકાય. તેને છેદવાની જરૂર પણ નથી. ઈશ્વરરચિત જગત લોકોને બહુ નડતું નથી. જીવને નડે છે પોતાનું રચેલું જગત. જીવાત્માએ રચેલા જગતનું મૂળ મોહ છે. મોહમાંથી વિશાળ વૃક્ષ પેદા થાય છે.

એક ઉદાહરણ પર્યાપ્ત થશે. ઈશ્વરે સ્ત્રી રચી. મનુષ્યે તેમાં કામિની, ભામિની, સુંદરીની રચના કરી. મનુષ્યે તેમાં પત્ની, માતા, બહેન વગેરેની રચના કરી. આ માનવીય સૃષ્ટિ થઈ. આવું જ પિતા ભ્રાતા બંધુ, શત્રુ મિત્ર વગેરેની રચના કરી. માનવીય જગત સંબંધ આધારિત છે. સંબંધોનું જગત વધુ સુખ-દુઃખ આપે છે. તેમાંથી મુક્ત થવાથી મોક્ષનિર્વાણ પ્રાપ્ત થાય છે. આ જીવસંસાર છે. આ અશ્વત્થને અસંગ શસ્ત્રથી છેદી નાખીને પછી પેલું પૂર્ણ પુરુષોત્તમ ભગવાનનું પદ શોધવાનું છે.

ભગવાનમાં આકર્ષણ થવું એ પ્રેમ અને સંસારમાં આકર્ષણ થવું એ આસક્તિ કહેવાય છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિ કહેવાય છે. મમતા સ્પૃહા વાસના આશા વગેરે દોષો આસક્તિના કારણે જ થાય છે. ભક્તો નિત્ય નિરંતર ભગવાનમાં જ સ્થિત રહે છે. ભક્તોની તમામ કામનાઓ નષ્ટ થઈ જાય છે. ભક્તો સુખ-દુઃખ, હર્ષશોક, રાગદ્વેષ વગેરે દ્વન્દ્વોથી રહિત થઈ જાય છે. કારણ કે તેઓની સામે જે અનુકૂળ-પ્રતિકૂળ પરીસ્થિતિ આવે છે તેને તે ભગવાનનો જ આપેલો પ્રસાદ માને છે. આવવા-જવાવાળા પદાર્થોને પ્રાપ્ત કરવાની ઈચ્છા કે ચેષ્ઠા કરવી તથા તેમનાથી સુખી દુઃખી થવું એ મૂઢતા છે. મૂઢતા (મોહ) બે પ્રકારનો હોય છે, પરમેશ્વરની તરફ ન લાગીને સંસારમાં જ લાગી જવું અને પરમાત્માને સારી રીતે ન જાણવા.

ફક્ત ભગવાનના શરણે રહેવાથી ભક્તોની અહંતા બદલાઈ જાય છે. હું ભગવાનનો છું અને ભગવાન મારા છે. હું સંસારનો નથી અને સંસાર મારો નથી આવું માનવાથી નિરંતર તેમની સ્થિતિ ભગવાનમાં જ રહે છે. ભક્તોનો અનુભવ હોય છે કે શરીર ઈન્દ્રિયો મન બુદ્ધિ અને મારાપણું આ બધાં ભગવાનનાં છે. કામનાઓની પૂર્તિ ક્યારેય થતી જ નથી. એક કામનાની પૂર્તિ થાય ત્યાં બીજી કામના ઉત્પન્ન થાય છે. આથી કામનાઓની નિવૃત્તિ જ પરમશાંતિનો ઉપાય છે. સાંસારીક ભોગ પદાર્થો મળવાથી સુખ થાય છે એવું માની લેવાથી જ કામના પેદા થાય છે. ભક્તો સુખ-દુઃખ હર્ષશોક રાગદ્વેષ વગેરે દ્વંન્દ્વોથી રહિત થઈ જાય છે કારણ કે તેમની સામે અનુકૂળ-પ્રતિકૂળ જે પણ પરિસ્થિતિ આવે છે તેને તે ભગવાનનો પ્રસાદ માને છે.

પરમાત્માની જાણકારી માટેનો ઉપાય બતાવતાં ગુરૂદેવ નિરંકારી બાબા પોતાના પ્રસિધ્ધ ગ્રંથ અવતારવાણીમાં કહે છે કે..,

વિના દેખે મનના માને મન માન્યા વિના પ્રેમ નહીં, પ્રેમ વિના ન ભક્તિ થાયે ભક્તિ વિના ઉધ્ધાર નહીં, ગુરૂ દેખાડે ગુરૂ મનાવે ગુરૂ જ પ્રેમ શિખવાડે છે, ગુરૂ વિનાની ભક્તિ નકામી જીવન વ્યર્થ ગુમાવે છે, પુરા ગુરૂના ચરણોમાં આવી ઈશ્વરની ઓળખાણ કરો, 'અવતાર' ગુરૂની કૃપા દ્રષ્ટિથી જીવનનું કલ્યાણ કરો. (અવતારવાણી:૭૮)

તો આવો વર્તમાન સમયના ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ તત્ત્વદર્શી સદ્ગુરૂ માતા સુદિક્ષાજી મહારાજના શ્રી ચરણોમાં સમર્પિત થઈ એક પ્રભુ પરમેશ્વરનું જ્ઞાન પ્રાપ્ત કરી, પ્રભુનાં દર્શન કરી આલોક અને પરલોકને સુખી બનાવીએ.

# 'રેટીનાઈટીસ પીગમેન્ટોસા'('રંજક રેટીનાશોથ') આંખની આ ગંભીર બીમારી શું છે?

**■ આ બીમારી ૩ થી ૪ હજારે એકાદને જ થાય છે ■ ભારતમાં આશરે ૩૦ થી ૪૦ લાખ લોકોને આ બીમારી હોવાનો અંદાજ છે ■ ઓછા પ્રકાશમાં જોવામાં તકલીફ ઉભી થવી, બાજુની દૃષ્ટિ ઘટવી, ફક્ત સીધું જ દેખાય, બાજુનું દેખાય નહીં એવા લક્ષણો જોવા મળે છે**

**'રેટીનાઈટીસ પીગમેન્ટોસા'** (Retinitis Pigmentosa - RP)એ આંખની એક વારસાગત (જિનેટિક) અને પ્રોગ્રેસિવ (ધીમે ધીમે વધતી જતી) દુર્લભ બીમારી છે. ગુજરાતીમાં તેને સામાન્ય રીતે 'રેટીનાઈટીસ પિગ્મેન્ટોસા' કે 'રંજક રેટીનાશોથ' કહેવામાં આવે છે.




**આ બીમારી કેવી રીતે થાય છે?:** આંખની રેટીનાના પડદામાં રહેલા ફોટોરિસેપ્ટર કોષો (રોડ્સ અને કોન્સ) ધીમે ધીમે નષ્ટ થતા જાય છે.

આ કોષો પ્રકાશને સિગ્નલમાં ફેરવી મગજ સુધી મોકલે છે. જ્યારે આ કોષો મરી જાય ત્યારે દૃષ્ટિ ઘટવા લાગે છે. આ બીમારી બહુ ઓછા લોકોને થાય છે. વિશ્વમાં દર ૩,૦૦૦ થી ૪,૦૦૦ લોકોમાંથી ૧ વ્યક્તિને થાય છે. ભારતમાં પણ આ જ આંકડો છે. ભારતમાં આશરે ૩૦ થી ૪૦ લાખ લોકોને આ બીમારી હોવાનો અંદાજ છે. એના લક્ષણો જોઈએ તો શરૂઆતમા રાત્રે અંધાપો (Night Blindness)આવે. એટલે કે ઓછા પ્રકાશમાં જોવામાં તકલીફ ઉભી થાય. એમાં પેરિફેરલ વિઝન એટલે કે બાજુની દૃષ્ટિ ઘટવી અને ટનલ વિઝન એટલે કે ફક્ત સીધું જ દેખાય, બાજુનું દેખાય નહીં એવા લક્ષણો જોવા મળે. પછી ત્રિજા સ્ટેજમાં રંગ જોવાની ક્ષમતા ઘટવા માંડે. એટલે કે બધાં રંગો બરાબર ઓળખી ન શકાય. ખાસ કરીને વાદળી લીલો રંગ બરાબર ન દેખાય કે ઓળખી ન શકાય. કેટલાક કેસમાં પૂર્ણ અંધત્વ પણ આવી જાય. જોકે બધાને આવું નથી થતું. સામાન્ય રીતે આ બીમારી બાળપણ કે કિશોરાવસ્થામાં શરૂ થઈ શકે છે કેટલાકને ૩૦ - ૪૦ વર્ષ પછી પણ શરૂ થાય છે. કેટલાક પ્રકાર ખૂબ ઝડપથી આગળ વધે છે, કેટલાક ધીમેધીમે વધતા હોય છે.



આ બીમારી બહુ ઓછા લોકોને આ બીમારી થાય છે. જોકે હજુ સુધી કોઈ પૂર્ણ ઈલાજ નથી. એ અંગે સંશોધન થઈ રહ્યાં છે. હજી પણ પણ આશાના કિરણો છે. જોકે ૨૦૧૭માં FDએ Luxturna નામની જીન થેરાપી મંજૂર કરી છે. (RPE65 જીન મ્યુટેશનવાળા દર્દીઓ માટે)

Argus II (Bionic Eye) કેટલાક દર્દીઓમાં આંશિક રૂપે પ્રકાશ-છાયા દેખાડે છે. તો Stem Cell Therapy અને Optogenetics પર સંશોધન ચાલુ છે. જ્યારે ભારતમાં LV Prasad Eye Institute, Sankara Nethralaya, AIIMS વગેરેમાં ક્લિનિકલ ટ્રાયલ ચાલે છે. ત્યારે સવાલ થાય કે આવી બીમારી થાય તેનો ઈલાજ કેવી રીતે કરવો? હાલ શું કરી શકાય? તો એના ઉપાય જોઈએ તો વિટામિન A Palmitate(૧૫,૦૦૦ IU દરરોજ ડોક્ટરની સલાહથી) ધીમું કરી શકે છે. એ ઉપરાંત આવા દર્દીઓએ સનગ્લાસ પહેરવા (UV protection) જોઈએ. Low Vision Aids (મેગ્નિફાયર, ખાસ મોબાઈલ એપ્સ)નો ઉપયોગ કરવો જોઈએ ઓરિએન્ટેશન અને મોબિલિટી ટ્રેનિંગલઈને જાણકારી મેળવી શકાય. એ ઉપરાંત જીનેટિક કાઉન્સેલિંગ (જો લગ્ન સંતાનનું આયોજન હોય) પણ કરી શકાય

ભારતમાં Sankara Nethralaya (ચેન્નાઈ), LV Prasad Eye Institute (હૈદરાબાદ), ,Aravind Eye Hospital, AIIMS (દિલ્હી), RP Fighting Blindness India (દર્દીઓનું સપોર્ટ ગ્રુપ)માં સારવાર ઉપલબ્ધ છે.

જોકે આ બીમારી એવી છે કે એ ક્રમશઃ ધીમે આગળ વધે છે અને મોટાભાગના દર્દીઓ જીવનભર કંઈક અંશે દૃષ્ટિ જાળવી રાખે છે. નવા સંશોધનો ખૂબ ઝડપથી આગળ વધી રહ્યા છે, ખાસ કરીને જીન થેરાપી અને આર્ટિફિશિયલ વિઝનમાં. જો તમને કે તમારા પરિવારમાં કોઈને આ બીમારી હોય તો શરૂઆતમાં જ રેટીના સ્પેશિયાલિસ્ટ પાસે જઈને તપાસ કરાવવી જરૂરી છે.

**રેટિનાઈટિસ પિગમેન્ટોસા :** આ વારસાગત રેટિના સ્થિતિ આંખના પ્રકાશસંવેદનશીલ કોષોને અસર કરે છે. સમય જતાં, તે રાત્રિ દ્રષ્ટિ અને બાજુની દ્રષ્ટિ ઘટાડે છે, જેના પરિણામે ટનલ વિઝન થાય છે. વહેલું નિદાન અને દ્રશ્ય સહાય લક્ષણોની પ્રગતિને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.

# સ્પોર્ટ્સ ન્યુઝ

## ભારતીય બ્લાઇન્ડ મહિલા ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

**કોલંબો, તા. ૨૩ :** ભારતીય મહિલા બ્લાઇન્ડ ટીમે T20 વર્લ્ડ કપનો ખિતાબ જીતી લીધો છે. ભારતીય ટીમે કોલંબોના પી સારા ઓવલમાં રમાયેલી ફાઇનલ મેચમાં નેપાળને ૭ વિકેટથી હરાવ્યું.

આ ટુર્નામેન્ટનું આયોજન પહેલીવાર થયું હતું અને ભારતે આ વૈશ્વિક ટુર્નામેન્ટને જીતવામાં સફળતા મેળવી. ભારતે નેપાળને ૫ વિકેટ પર ૧૧૪ રન પર રોકી દીધું હતું. જેના જવાબમાં ભારતીય ટીમે ૧૨ ઓવરમાં ૩ વિકેટ પર ૧૧૭ રન બનાવીને ટાર્ગેટ હાંસલ કરી લીધો. ભારતીય મહિલા બ્લાઇન્ડ ટીમે ફાઇનલમાં એવો દબદબો બનાવ્યો કે નેપાળની ટીમ પોતાની ઈનિંગમાં માત્ર એક બાઉન્ડ્રી જ ફટકારી શકી. ભારત માટે ફાઈનલમાં સૌથી વધુ રન ફુલા સારેને બનાવ્યા. તે ૪૪ રન બનાવીને અણનમ રહી. ભારતે સેમી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાને હરાવ્યું હતું, જ્યારે નેપાળે પાકિસ્તાનને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. આ ટુર્નામેન્ટની સહ-મેજબાન શ્રીલંકાએ શરુઆતમાં પાંચમાંથી માત્ર એક મેચ જીતી શક્યું હતું. ટીમે અમેરિકાને હરાવ્યું હતું. પાકિસ્તાનની મેહરીન અલી ૬ ટીમો વચ્ચે રમાયેલી આ ટુર્નામેન્ટમાં સૌથી વધુ રન બનાવનારી બેટર રહી. તેણે ૬૦૦થી વધુ રન બનાવ્યા જેમાં શ્રીલંકા વિરુદ્ધ ૭૮ બોલ પર ૨૩૦ રન બનાવ્યા હતા. મેહરીને આ સિવાય ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ૧૩૩ રન બનાવ્યા હતા.

## દક્ષિણ આફ્રિકા શ્રેણી માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત : કેએલ રાહુલ સંભાળશે કેપ્ટનશીપ

### ઈજાના કારણે શુભમન ગિલ બહાર, જાડેજાની વાપસી; રોહિત-કોહલીનો પણ ૧૫ સભ્યોની ટીમમાં સમાવેશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩ :** દક્ષિણ આફ્રિકા સામેની આગામી વનડે સિરીઝ માટે ટીમ ઈન્ડિયાની જાહેરાત કરવામાં આવી છે. BCCIએ રવિવારે ટીમની જાહેરાત કરી છે. શુભમન ગિલની ગેરહાજરીમાં વિકેટકીપર-બેટ્સમેન કેએલ રાહુલ ટીમનું નેતૃત્વ કરશે. ઘરેલુ ક્રિકેટમાં ધમાલ મચાવ્યા બાદ રુતુરાજ ગાયકવાડને પણ ODI ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રણ મેચની ODI સિરીઝની શરૂઆત ૩૦ નવેમ્બરથી થશે. BCCI દ્વારા જાહેર કરાયેલી ૧૫ સભ્યોની ટીમમાં ઘણા નવા ચહેરાઓ સામેલ થાય છે. T20Iમાં શાનદાર પ્રદર્શન બાદ તિલક વર્માને ODI ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે. વિકેટકીપર ધ્રુવ જુરેલનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.

દક્ષિણ આફ્રિકા સામેની ODI સિરીઝ માટે ભારતીય ટીમ : રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, તિલક વર્મા, કેએલ રાહુલ (કેપ્ટન) (વિકેટકીપર), ઋષભ પંત (વિકેટકીપર), વોશિંગ્ટન સુંદર, રવિન્દ્ર જાડેજા, કુલદીપ યાદવ, નીતિશ કુમાર રેડ્ડી, હર્ષિત રાણા, રુતુરાજ ગાયકવાડ, પ્રસિદ્ધ કૃષ્ણ, અર્શદીપ સિંહ, ધ્રુવ જુરેલ.

શુભમન ગિલને દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ ટેસ્ટમાં ગરદનની ઈજા થઈ હતી અને તે મેચમાં વધુ ભાગ લેવામાં અસમર્થ હતો. ગિલ બીજી ટેસ્ટ અને આગામી ODI સિરીઝ માટે પણ ઉપલબ્ધ નથી. તેની ગેરહાજરીમાં કેએલ રાહુલ કેપ્ટનશીપ સંભાળશે.

કેએલ રાહુલને ભારતીય ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરવાનો થોડો સમયનો અનુભવ છે. તેમણે જાન્યુઆરી ૨૦૨૨માં જોહાનિસબર્ગના વાન્ડરર્સ સ્ટેડિયમ ખાતે દક્ષિણ આફ્રિકા સામે પ્રથમ વખત ટેસ્ટ મેચમાં ટીમનું નેતૃત્વ કર્યું હતું.

રાહુલે ૧૨ વનડેમાં ભારતનું નેતૃત્વ કર્યું છે, જેમાં આઠમાં વિજય થયો છે અને ચારમાં હારનો સામનો કરવો પડ્યો છે. કુલ મળીને તેમણે ૧૬ આંતરરાષ્ટ્રીય મેચોમાં કેપ્ટનશીપ કરી છે, જેમાં ૧૧ જીત્યા છે અને પાંચ હાર્યા છે. તેમની જીતની ટકાવારી ૬૮.૭૫ છે.

### હવે સદી ફટકારીને ભારતીય ફેન્સને ચોંકાવ્યા

## સેનુરન મુથુસામીએ ૬ વર્ષ પહેલાં કોહલીની વિકેટ લઈને કર્યું હતું ડેબ્યુ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગુવાહાટી, તા. ૨૩ :** સેનુરન મુથુસામીએ પોતાની ટેસ્ટ કરિયરની શ્રેષ્ઠ ઈનિંગ્સ રમીને ભારતને ગુવાહાટીમાં ચાલી રહેલી બીજી ટેસ્ટ મેચમાં બેકફૂટ પર ધકેલી દીધું છે. સેનુરન મુથુસામીએ પોતાની ટેસ્ટ કરિયરની પ્રથમ સદી ફટકારતાં ભારત સામે ૨૦૩ બોલમાં ૧૦૭ રનની ઈનિંગ્સ રમી છે. આ પહેલાં ટેસ્ટ ક્રિકેટમાં સેનુરન મુથુસામીનો બેસ્ટ સ્કોર અણનમ ૮૯ રન હતો, જે તેમણે ઓક્ટોબર ૨૦૨૫માં પાકિસ્તાન સામે રાવલપિંડી ટેસ્ટ મેચમાં બનાવ્યો હતો.

સેનુરન મુથુસામીએ ૨ ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ભારત સામે વિશાખાપટ્ટનમ ટેસ્ટ દ્વારા પોતાનું ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. સેનુરન મુથુસામીએ પોતાની પ્રથમ ટેસ્ટ વિકેટ વિરાટ કોહલીની લીધી હતી. સેનુરન મુથુસામીએ વિશાખાપટ્ટનમ ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગ્સમાં વિરાટ કોહલીને કેચ એન્ડ બોલ્ડ આઉટ કર્યો હતો. સેનુરન મુથુસામીએ આ ટેસ્ટ મેચમાં આ એક જ વિકેટ લીધી હતી. જો કે, દક્ષિણ આફ્રિકા આ ટેસ્ટ મેચ ૨૦૩ રનથી હારી ગયું હતું.

સેનુરન મુથુસામીની સદીની ઈનિંગ્સના દમ પર દક્ષિણ આફ્રિકાએ ભારત સામેની બીજી ટેસ્ટની પ્રથમ ઈનિંગ્સમાં વિશાળ સ્કોર તરફ પગલાં ભર્યા છે. દક્ષિણ આફ્રિકાએ બીજા સેશન સુધીમાં ૭ વિકેટ ગુમાવીને ૪૨૮ રન બનાવ્યા હતા. લેફ્ટી બેટ્સમેન સેનુરન મુથુસામીએ ૨૦૩ બોલમાં ૨ છગ્ગા અને ૧૦ ચોગ્ગાની મદદથી ૧૦૭ રન બનાવ્યા છે. આ તેમના ટેસ્ટ કરિયરની પ્રથમ સદી છે. હાલમાં આ ખેલાડી માર્કો જાનસેન સાથે આઠમી વિકેટ માટે ૯૯ બોલમાં ૯૪ રન જોડી ચૂક્યો છે. સેનુરન મુથુસામીએ સદી ફટકારીને ભારતીય ફેન્સને નિરાશ કર્યા છે.

ગુવાહાટીમાં ચાલી રહેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. એડન માર્કરમ અને રાયન રિકેલ્ટનની ઓપનિંગ જોડીએ પ્રથમ વિકેટ માટે ૮૨ રનની પાર્ટનરશિપ બનાવી હતી. માર્કરમ ૩૮ રન બનાવીને આઉટ થયો. આ જ સ્કોર પર રિકેલ્ટન (૩૫) પણ પોતાની વિકેટ ગુમાવી બેઠો. અહીંથી ટ્રિસ્ટન સ્ટબ્સે કેપ્ટન ટેમ્બા બાવુમા સાથે ત્રીજી વિકેટ માટે ૮૪ રન જોડીને ટીમને સંભાળી. ટેમ્બા ૪૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા, જેના થોડા સમય બાદ સ્ટબ્સ (૪૯) પણ પોતાની વિકેટ ગુમાવી હતી.

### નાઈજીરીયામાં મોટો અપહરણ કાંડ

## કેથોલિક સ્કૂલ પર હુમલો, ૩૦૦થી વધુ બાળકો અને ૧૨ શિક્ષકોનું અપહરણ



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નાઈજીરીયા, તા. ૨૩**

પશ્ચિમી આફ્રિકાના દેશ નાઈજીરીયામાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. નાઈજીરીયાની એક કેથોલિક સ્કૂલ પર બદમાશોએ હુમલો કર્યો અને ૩૦૦થી વધુ બાળકોનું અપહરણ કરી લીધું. નાઈજીરીયાના ઈતિહાસમાં આ અત્યાર સુધીનો સૌથી મોટો અપહરણ કેસ ગણવામાં આવી રહ્યો છે. નાઈજીરીયાના ક્રિશ્ચિયન એસોસિએશન (CAN) એ જણાવ્યું કે શરૂઆતમાં નાઈજર રાજ્યની સેન્ટ મેરી સ્કૂલમાંથી ૨૨૭ બાળકોનું અપહરણ થયું હોવાની આશંકા હતી, પરંતુ ચકાસણી પછી જાણવા મળ્યું કે કુલ ૩૧૫ બાળકોનું અપહરણ થયું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, નાઈજર રાજ્યના પાપિરીમાં આવેલી સેન્ટ મેરી સ્કૂલમાંથી શુક્રવારે ૩૦૩ વિદ્યાર્થીઓ અને ૧૨ શિક્ષકોનું અપહરણ કરવામાં આવ્યું છે. ક્રિશ્ચિયન એસોસિએશન (CAN)ના પ્રમુખે માહિતી આપી કે અપહરણકર્તાઓના હાથેથી ભાગી છૂટવાનો પ્રયાસ કરતી વખતે ૮૦થી વધુ વિદ્યાર્થીઓને સશસ્ત્ર હુમલાખોરોએ પકડી લીધા હતા.

## દિલ્હીમાં ૧૧ની જગ્યાએ ૧૩ જિલ્લાઓ થઈ જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

રાજધાની દિલ્હીમાં વહીવટી વ્યવસ્થાને વધુ સુવિધાજનક અને લોકો માટે સરળ બનાવવાના હેતુથી દિલ્હી સરકાર મહેસૂલી જિલ્લાઓની સીમામાં મોટો ફેરફાર કરવા જઈ રહી છે. નવા પ્રસ્તાવ મુજબ, દિલ્હીમાં હવે ૧૧ને બદલે ૧૩ જિલ્લા અને ૩૩ને બદલે ૩૯ પેટા-વિભાગ (Sub Division) હશે. નવા જિલ્લાઓનું સીમાંકન મ્યુનિસિપલ કોર્પોરેશનના ઝોન મુજબ કરવામાં આવ્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દિલ્હી સરકારની કેબિનેટે આ પ્રસ્તાવને સૈદ્ધાંતિક મંજૂરી આપી દીધી છે અને ટૂંક સમયમાં તેને ઉપરાજ્યપાલ પાસે અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવશે.

આ ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય દિલ્હીના નાગરિકોને સરકારી કચેરીઓના ચક્કર ખાવામાંથી મુક્તિ અપાવવાનો છે.

સરકાર એવા જિલ્લાઓ બનાવવા માંગે છે જ્યાં કાયદો અને વ્યવસ્થા સિવાયના તમામ સરકારી કામો માટે લોકોને એક જ કાર્યાલયમાં સુવિધા મળી રહે.

આ ફેરફાર બાદ યમુના પાર વિસ્તારમાં પૂર્વ અને ઉત્તર-પૂર્વી જિલ્લા નહીં હોય, તેના બદલે શાહદરા ઉત્તર અને શાહદરા દક્ષિણ જિલ્લા હશે. તેવી જ રીતે, ઉત્તરી જિલ્લાની જગ્યાએ સિવિલ લાઈન્સ અને જૂની દિલ્હી જિલ્લાની રચના થશે.

**સૂચિત ૧૩ નવા જિલ્લા અને તેના પેટા-વિભાગો**

- જૂની દિલ્હી: સદર બજાર, ચાંદની ચોક
- મધ્ય ડિફેન્સ: કોલોની, કાલકાજી
- નવી દિલ્હી: દિલ્હી કેન્ટ, નવી દિલ્હી
- સિવિલ લાઈન્સ: અલીપુર, આદર્શ નગર, બાદલી
- કરોલ બાગ: મોતી નગર, કરોલ બાગ
- કેશવ પુરમ: શાલીમાર બાગ, શકુર બસ્તી, મોડેલ ટાઉન
- નરેલા: મુંડકા, નરેલા, બવાના
- નજફગઢ જિલ્લો: કાપસહેડા, દ્વારકા, નજફગઢ, બિજવાસન
- રોહિણી: કિરાડી, મંગોલપુરી, રોહિણી
- શાહદરા દક્ષિણ: ગાંધી નગર, વિશ્વાસ નગર, કોંડલી
- શાહદરા ઉત્તર: કરવલ નગર, સીમાપુરી, સીલમપુર, શાહદરા
- દક્ષિણ: મહરૌલી, માલવીય નગર, દેવલી, આરકે પુરમ
- પશ્ચિમ: વિકાસપુરી, જનકપુરી, માદીપુર

### દિલ્હી બ્લાસ્ટ મામલે ભારતીય સૈન્ય પ્રમુખની પાક.ને ચેતવણી

## પ્રોક્સી વોરનો સહારો લઈ રહ્યું છે પાકિસ્તાન : સૈન્ય પ્રમુખ



### ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ નવી દિલ્હી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (NDIM)ના દીક્ષાંત સમારોહમાં પાકિસ્તાનને આડે હાથ લીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ નવી દિલ્હી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (NDIM)ના દીક્ષાંત સમારોહમાં પાકિસ્તાનને આડે હાથ લેતા કહ્યું કે, પાકિસ્તાન હવે એ જાણી ચૂક્યું છે કે તે ભારતને સીધા યુદ્ધમાં હરાવી શકે તેમ નથી, તેથી તે હવે પ્રોક્સી વોર (પરોક્ષ યુદ્ધ) દ્વારા ભારતમાં અસ્થિરતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે તાજેતરમાં દિલ્હીમાં થયેલા ધમાકાને પણ આ જ ષડયંત્રનો એક ભાગ ગણાવ્યો હતો. જનરલ દ્વિવેદીએ કહ્યું, "પાકિસ્તાન હવે સમજી ગયું છે કે તે ભારતને સીધા યુદ્ધમાં હરાવી શકશે નહીં. આથી તે પ્રોક્સી વોર અને ખોટા યુદ્ધ દ્વારા ભારતને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. દિલ્હીમાં થયેલો ધમાકો પણ પોતાની હાજરી બતાવવાની તેની આ જ કોશિશનો એક ભાગ હતો. પરંતુ મને ખુશી છે કે આજનું ભારત બદલાઈ ચૂક્યું છે. ભારતે આ બધી ગતિવિધિઓને પહેલાથી જ પામી લીધી હતી અને સમયસર ઓપરેશન ચલાવ્યા. તેમની નિયત તો ભારતના દરેક ખૂણામાં બોમ્બ ધમાકા કરવાની હતી અને મુંબઈ સહિતના આપણા ઘણા શહેરો તેમના નિશાના પર હતા."

ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ કરતાં જનરલ દ્વિવેદીએ કહ્યું કે, તે એક ભરોસાપાત્ર ઓર્કેસ્ટ્રા જેવું હતું, જેમાં દરેક સભ્યએ એક સાથે અને સંપૂર્ણ તાલમેલ સાથે પોતાની ભૂમિકા ભજવી. આ જ તાલમેલને કારણે ભારતીય સશસ્ત્ર દળો માત્ર ૨૨ મિનિટમાં નવ આતંકી ઠેકાણાઓને નષ્ટ કરવામાં સફળ રહ્યા હતા. તેમણે કહ્યું કે, આ કોઈ તાત્કાલિક લેવાયેલો નિર્ણય નહોતો, પરંતુ "ઘણા વર્ષોની એ કલ્પનાનું પરિણામ હતું કે કેવી રીતે ઈન્ટેલિજન્સ, સચોટતા અને ટેકનોલોજી એક સાથે મળીને કાર્યવાહીમાં બદલાઈ શકે છે." ઉલ્લેખનીય છે કે, ૭ મેના રોજ શરૂ થયેલું આ સૈન્ય અભિયાન લગભગ ૮૮ કલાક ચાલ્યું હતું અને ૧૦ મેની સાંજે બંને પક્ષો વચ્ચે સમજૂતી થયા બાદ અટક્યું હતું.

## વાયુ પ્રદૂષણે દિલ્હીની દશા બગાડી, AQI ૪૦૦ પાર

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

ભારતમાં શિયાળાની શરૂઆત થતાં જ રાજધાની દિલ્હીની હવાની ગુણવત્તા ગંભીર સ્તરે પહોંચી ગઈ છે. રવિવારે (૨૩મી નવેમ્બર) સવારે દિલ્હીનો સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૮૦ નોંધવામાં આવ્યો હતો, જે ખૂબ જ ખરાબ શ્રેણીમાં આવે છે. જોકે, શહેરના અનેક વિસ્તારોમાં AQI 400ને વટાવી ગયો છે, જેના કારણે દિલ્હીની હવા રહેવા યોગ્ય છે કે નહીં તેવો ગંભીર પ્રશ્ન ઊભો થયો છે.

છેલ્લા ત્રણ દિવસથી AQI નો ટ્રેન્ડ ચિંતાજનક છે (૨૦ નવેમ્બરે ૩૯૧, ૨૧ નવેમ્બરે ૩૬૪ અને ૨૨ નવેમ્બરે ૩૭૦), જે દર્શાવે છે કે પરિસ્થિતિ સુધરવાને બદલે વધુ ગંભીર બની રહી છે. દિલ્હીના આનંદ વિહાર, અશોક વિહાર, બવાના, બુરાડી ક્રોસિંગ, મુંડકા, નરેલા, નેહરુ નગર, નોર્થ કેમ્પસ, પંજાબી બાગ, રોહિણી, સોનિયા વિહાર, વિવેક વિહાર અને વઝીરપુર મોનિટરિંગ સ્ટેશનો પર હવાની ગુણવત્તા ૪૦૦ને વટાવી ગઈ. વઝીરપુર અને વિવેક વિહાર સ્ટેશનો પર હવાની ગુણવત્તા સૌથી ખરાબ હતી, જ્યાં AQI સ્તર ૪૪૦ અને ૪૫૦ ની વચ્ચે નોંધાયું હતું. ફક્ત મંદિર માર્ગે શ્રેષ્ઠ હવા ગુણવત્તા નોંધાઈ હતી, જેમાં ૨૯૮ AQI હતો, જે ખરાબ શ્રેણીમાં આવે છે.

વધતા પ્રદૂષણના સ્તરને ધ્યાનમાં રાખીને, દિલ્હી સરકારે ખાનગી ઓફિસોને તેમની સ્થળ પરની કાર્યબળ ક્ષમતાના ૫૦ ટકા કામ કરવા માટે એડવાઈઝરી જાહેર કરી છે. આ દરમિયાન બાકીના કર્મચારીઓ વર્ક ફ્રોમ ચાલુ રાખશે. આ નિર્ણય એર ક્વોલિટી મેનેજમેન્ટ કમિશન (CAQM) દ્વારા જાહેર કરાયેલા નવા માર્ગદર્શિકા અનુસાર લેવામાં આવ્યો હતો. દિલ્હીમાં હાલમાં GRAP-3 પ્રતિબંધો લાગુ છે. પર્યાવરણ મંત્રી મનજિન્દર સિંહ સિરસાએ ભાર મૂક્યો હતો કે દિલ્હી સરકાર GRAP-3 હેઠળ પ્રદૂષણ નિયંત્રણ પગલાં સક્રિયપણે અમલમાં મૂકી રહી છે, જેમાં જાહેર આરોગ્ય અને હવા ગુણવત્તા સંરક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

## આતંકી મુઝમ્મિલ જણાવી હકીકત : તો પહેલાં જ થઈ ગયો હોત દિલ્હી બ્લાસ્ટ, ઝઘડાના કારણે થયો વિલંબ!

### દિલ્હીમાં થયેલા આતંકી હુમલાને લઈને ધરપકડ કરાયેલા ડોક્ટર મુઝમ્મિલ શકીલની પૂછપરછ કરાઈ રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૩**

દિલ્હીમાં તાજેતરમાં લાલ કિલ્લા પાસે થયેલા બોમ્બ વિસ્ફોટની ઘટના પહેલાં પોલીસે ડોક્ટર મુઝમ્મિલ શકીલની અલ ફલાહ યુનિવર્સિટીમાંથી ધરપકડ કરી હતી. હવે આ સંદર્ભે આતંકીનો ઈન્ટરોગેશન રિપોર્ટ સામે આવ્યો છે. જણાવી દઈએ કે ડોક્ટર મુઝમ્મિલ મૂળ રૂપે પુલવામાના કોઈલ વિસ્તારનો રહેવાસી છે. ૧૦ નવેમ્બર ૨૦૨૫ના રોજ શ્રીનગરના પંથાચોક પોલીસ સ્ટેશનમાં તેની પૂછપરછ કરવામાં આવી હતી. તેની ધરપકડ ફરીદાબાદના ધૌજ વિસ્તારમાંથી કરવામાં આવી હતી. અહીંથી હથિયારો, ગોળીઓ, કેમિકલ પાવડર, ટાઈમર, રિમોટ અને IED બનાવવાનો સામાન પણ મળ્યો હતો.

મુઝમ્મિલ ફરીદાબાદની અલ-ફલા હોસ્પિટલમાં ચીફ મેડિકલ ઓફિસર તરીકે કામ કરતો હતો અને વાર્ષિક લગભગ ૯ લાખ રૂપિયા કમાતો હતો. વર્ષ ૨૦૨૧માં તેના મિત્ર મુફ્તી ઈરફાન વાગેએ તેને આતંકવાદી પ્રવૃત્તિઓ તરફ ઉશ્કેરવાનું શરૂ કર્યું. તેનો એક અન્ય મિત્ર આતંકી મુઝામિલ તંત્ર પણ તેને આ દિશામાં ધકેલતો હતો. વર્ષ ૨૦૨૧માં જ્યારે મુઝામિલ તંત્ર બીમાર પડ્યો હતો, ત્યારે મુઝમ્મિલ તેને એક દવા લેવાની સલાહ પણ આપી હતી. વર્ષ ૨૦૨૩-૨૪માં IED અને અન્ય હથિયારોની મોટાભાગની વ્યવસ્થા ફરાર આરોપી ડોક્ટર ઉમર નબી કરતો હતો, પરંતુ પૈસા ઘણા લોકોએ મળીને ભેગા કર્યા હતા.

મુઝમ્મિલ (૫ લાખ), ડોક્ટર આદિલ રદર (૮ લાખ), ડોક્ટર ઉમર (૨ લાખ), ડોક્ટર મુઝફ્ફર રદર (૬ લાખ) અને ડોક્ટર શાહીન શાહિદ (૫ લાખ) સહિત કુલ ૨૬ લાખ રૂપિયા એકઠા કરીને ઉમરને આપવામાં આવ્યા હતા. મુઝમ્મિલ કબૂલ્યું કે તેણે ગુરુગ્રામ અને નૂહમાંથી લગભગ ૨૬ ક્વિન્ટલ NPK ફર્ટિલાઈઝર ખરીદ્યું, જેની કિંમત લગભગ ૩ લાખ રૂપિયા હતી. આ બધું IED બનાવવા માટે રાખવામાં આવ્યું હતું. બાકીના કેમિકલ પાવડર અને રિમોટ જેવી વસ્તુઓની વ્યવસ્થા માત્ર ઉમર જ કરતો હતો. બાદમાં મુઝમ્મિલ અને ઉમર વચ્ચે પૈસાને લઈને ઝઘડો થયો. મુઝમ્મિલ ઈચ્છતો હતો કે કાં તો તેને પૈસા પાછા મળે અથવા તો IEDનો સંપૂર્ણ સ્ટોક તેની કસ્ટડીમાં હોય. જૂથના બાકીના લોકોએ બીજો વિકલ્પ પસંદ કર્યો અને બધો સામાન મુઝમ્મિલ પાસે આવી ગયો, જે તેની ધરપકડ સમયે મળી આવ્યો. ઈન્ટરોગેશન રિપોર્ટ મુજબ, પૈસાને લઈને થયેલા વિવાદના કારણે આતંકી હુમલામાં વિલંબ થયો.

વિવાદ ઉકેલવા માટે ઉમરે લગભગ ૩ મહિના પહેલાં સોશિયલ મીડિયા એપ સિગ્નલ પર એક ગ્રુપ બનાવ્યું, જેમાં મુઝમ્મિલ, આદિલ, મુઝફ્ફર અને ઈરફાનને જોડવામાં આવ્યા, તેમ છતાં ઝઘડો ઉકેલાયો નહીં. આતંકી શાહીનની ગાડીમાંથી ૧ ક્રિંકોવ રાઈફલ અને ૧ પિસ્તોલ મળી. આ હથિયારો પણ ઉમરે જ વર્ષ ૨૦૨૪માં ઈરફાનને આપ્યા હતા. બાદમાં ઝઘડાના કારણે મુઝમ્મિલ આ હથિયારો પણ પોતાના કબજામાં લઈ લીધા હતા. જણાવી દઈએ કે મુઝમ્મિલને અલ-ફલા હોસ્પિટલના કેઝ્યુઅલ્ટી ડિપાર્ટમેન્ટમાંથી ડ્યુટી દરમિયાન જ પકડી લેવામાં આવ્યો હતો.

## અદાણી ગ્લોબલ ઈન્ડોલોજી કોન્કલેમાં આધુનિક રામ અને કૃષ્ણનો અદભૂત સંવાદ યોજાયો

### ગૌતમ અદાણીની 'ઈન્ડોલોજી મિશન'ને રૂ.૧૦૦ કરોડની સખાવત




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**સુરત, તા. ૨૩**

અદાણી કોર્પોરેટ હાઉસ અમદાવાદ ખાતે આયોજીત અદાણી ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવમાં આધુનિક રામ અને કૃષ્ણ ભગવાન વચ્ચે અદભૂત સંવાદ યોજાયો. રામના આદર્શો અને કૃષ્ણની ગીતા આધારિત સંવાદોએ અદાણી કોન્ક્લેવને ખાસ બનાવ્યો. એક સમયે ટીવી સિરિયલોમાં રામ અને કૃષ્ણનું પાત્ર ભજવી લોકપ્રિય થયેલા અગ્રણી કલાકારો અરૂણ ગોવિલ અને નિતીશ ભારદ્વાજે એક વિશેષ સત્રમાં સવાલોના તર્કસંગત અને પ્રાસંગિક જવાબો આપ્યા.

અદાણી ગ્લોબલ ઈન્ડોલોજી કોન્ક્લેવમાં ભારતીય સંસ્કૃતિને નવી ઉંચાઈએ પહોંચાડવાના ઈન્ડોલોજી મિશનને ટેકો આપવા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ૧૦૦ કરોડ રૂપિયાના યોગદાનની જાહેરાત કરી છે. આ ત્રીદિવસીય કોન્ક્લેવમાં ભારતીય સભ્યતા, ભાષા, ફિલસૂફી અને સાંસ્કૃતિક વારસો પર કેન્દ્ર સ્થાને રહી.

ગ્લોબલ કોન્ક્લેવ અંતર્ગત ટીવી સિરિયલોમાં રામ અને કૃષ્ણની ભૂમિકા ભજવનારા અરુણ ગોવિલ અને નીતિશ ભારદ્વાજે સમકાલીન જીવનમાં બેઉ પાત્રોની સુસંગતતા પર વિગતવાર ચર્ચા કરી. મેરઠના સાંસદ અને અભિનેતા અરુણ ગોવિલે કહ્યું કે રામ એક વ્યક્તિ નહીં પરંતુ એક "આદર્શ" છે, એક એવો આદર્શ જે વ્યક્તિ અને સમાજ બંનેને માર્ગદર્શન આપે છે. તેમણે ઉમેર્યું કે રામાયણ માત્ર એક ધાર્મિક ગ્રંથ જ નહીં પરંતુ પારિવારિક અને સામાજિક સંબંધોનું એવું માળખુ છે જે દરેક યુગમાં લોકોને માર્ગદર્શન કરતું રહે છે.

ગોવિલે સમજાવ્યું કે, શ્રીરામનું જીવન પ્રેરણાદાયક છે કારણ કે તેમણે આદર્શ પુત્ર અને આદર્શ રાજા બંને તરીકેની પોતાની ફરજોને ઉત્તમ રીતે નિભાવી. રામની જીવનયાત્રા પોતે જ એક ઉપદેશ છે.

મહાભારતમાં ભગવાન કૃષ્ણની ભૂમિકા અદા કરનાર નિતિશ ભારદ્વાજે મહાભારતના ધર્મયુદ્ધ માટે ધ્રુતરાષ્ટ્રની ભૂમિકા અંગે જણાવતા કહ્યું કે તત્કાલિન કાયદાઓમાં સમાધાન કરી તેમણે રાજાનું પદ લીધુ પણ તેનો નિર્વાહ ધર્મ આધારિત ન કર્યો જેના પરિણામે દ્રોપદી ચીરહરણ જેવી ઘટનાઓ બની જે મહાભારતનું ભીષણ યુદ્ધનું કારણ હતી.

ભારદ્વાજે કહ્યું કે, ભગવાન કૃષ્ણએ રામ દ્વારા સ્થાપિત આદર્શોને દ્વાપરયુગમાં આગળ ધપાવ્યા અને તેમને વ્યવહારિક દ્રષ્ટિએ લાગુ કર્યા. તેમણે એમ પણ કહ્યું કે, "રામ અને કૃષ્ણ માત્ર કોઈ કથાના પાત્રો જ નથી, પરંતુ સમાજને પ્રેરણા આપતી મહાન વિભૂતિઓ છે.

# ઈઝરાયલે ફરી એક વખત ગાઝામાં કર્યા હવાઈ હુમલા

**૨૦ પેલેસ્ટિનિએ ગુમાવ્યા જીવ : પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે પહેલો હુમલો રિમલ વિસ્તારમાં એક કાર પર થયો હતો, જેના કારણે તેમાં આગ લાગી ગઈ હતી**



(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાઝા, તા.૨૩**

સીઝફાયર વચ્ચે ઈઝરાયલે ગાઝામાં ફરી હવાઈ હુમલા કર્યા છે. આ હુમલામાં ૨૦ લોકોના મોત થયા છે. સ્થાનિક આરોગ્ય અધિકારીઓએ શનિવારે જણાવ્યું કે, આ હુમલામાં ૮૦થી વધુ લોકો ઘાયલ થયા છે. પ્રત્યક્ષદર્શીઓએ જણાવ્યું કે, પહેલો હુમલો રિમલ વિસ્તારમાં એક કાર પર થયો હતો, જેના કારણે તેમાં આગ લાગી ગઈ હતી. આ હુમલામાં પાંચ લોકોના મોત થઈ ગયા છે.

બે વર્ષના યુદ્ધ બાદ ૧૦ ઓક્ટોબરે ઈઝરાયલ અને હમાસ વચ્ચે અમેરિકાની મધ્યસ્થીથી થયેલા યુદ્ધવિરામ કરાર પછી શનિવારનો દિવસ સૌથી ઘાતક દિવસોમાંથી એક હતો.

કાર હુમલાના થોડા સમય બાદ ઈઝરાયલે દેર અલ-બલાહ શહેર અને નુસેરત કેમ્પમાં બે ઘરો પર બે અલગ-અલગ હવાઈ હુમલા કર્યા, જેમાં ૧૦ લોકો માર્યા ગયા. શનિવારે જ પશ્ચિમ ગાઝામાં એક ઘર પર ઈઝરાયલી હવાઈ હુમલામાં પાંચ પેલેસ્ટિનિઓ માર્યા ગયા હતા. ઘટનાસ્થળ પર હાજર એક ફોટોગ્રાફરે પસાર થતા લોકોને બળી ગયેલી કારના કાટમાળ તરફ જતા જોયા અને બાળકો અંદરથી ખાવાનું નીકાળવાનો પ્રયાસ કરતા દેખાયા.

ઈઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂના કાર્યાલયે હમાસ પર યુદ્ધવિરામ કરારનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો હતો. ઈઝરાયલી સેનાએ કહ્યું કે, એક બંદૂકધારી ઈઝરાયલી કબજા હેઠળના ગાઝાના વિસ્તારમાં ઘૂસી ગયો જ્યાંથી માનવતાવાદી સહાય દક્ષિણ ગાઝા સુધી પહોંચે છે. ઈઝરાયલે તેને યુદ્ધવિરામનું ખુલ્લેઆમ ઉલ્લંઘન ગણાવ્યું હતું.

ઈઝરાયલે કહ્યું કે, યુદ્ધવિરામ કરારના ઉલ્લંઘનના જવાબમાં ગાઝા પર આ હુમલાઓ કરવામાં આવ્યા છે. હમાસે ઈઝરાયલી સેનાના આરોપોને ફગાવી દીધા. બે વર્ષ લાંબા ગાઝા યુદ્ધ પછી ૧૦ ઓક્ટોબરે યુદ્ધવિરામ પર હસ્તાક્ષર થયા હોવા છતાં હિંસા સંપૂર્ણપણે બંધ નથી થઈ.

# શાહરૂખ ખાને મુંબઈમાં ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં હાજરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૩**

શાહરૂખ ખાને મુંબઈમાં ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં હાજરી આપી હતી, જ્યાં તેમણે ૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ આતંકવાદી હુમલો અને તાજેતરના દિલ્હી બોમ્બ વિસ્ફોટોના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. ૨૬/૧૧ ના આતંકવાદી હુમલા, પહેલગામ અને દિલ્હી વિસ્ફોટોના પીડિતો માટે શાહરૂખ ખાને કહ્યુ કે, હૃદય તૂટી જાય છે, જાતિ અને ધર્મ ભૂલી જાઓ.

બોલીવુડ અભિનેતા શાહરૂખ ખાને મુંબઈમાં આયોજિત ગ્લોબલ પીસ ઓનર્સ ૨૦૨૫ માં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં શાહરૂખ ખાનનું ભાષણ વાયરલ થઈ રહ્યું છે. આ વાયરલ વીડિયોમાં, શાહરૂખ ખાન ૨૬/૧૧, પહેલગામ આતંકવાદી હુમલાઓ અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં માર્યા ગયેલા નિર્દોષ લોકોને શ્રદ્ધાંજલિ આપતા અને દેશના સૈનિકોની બહાદુરી વિશે વાત કરતા જોવા મળે છે. શાહરૂખ ખાનની સ્પીચ ઝડપથી વાયરલ થઈ રહી છે.

કાર્યક્રમમાં શાહરૂખ ખાને કહ્યું કે, “૨૬/૧૧, પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને તાજેતરના દિલ્હી વિસ્ફોટોમાં પોતાના જીવનું બલિદાન આપનારા નિર્દોષ લોકોને મારી નમ્ર શ્રદ્ધાંજલિ, અને આ હુમલાઓમાં શહીદ થયેલા આપણા બહાદુર સુરક્ષા કર્મચારીઓને મારી આદરપૂર્ણ સલામ.”

આ પછી, શાહરૂખ ખાને રાષ્ટ્રના બહાદુર સૈનિકો વિશે વાત કરી. તેઓએ કહ્યું કે, આજે, મને રાષ્ટ્રના બહાદુર સૈનિકો અને જવાનો માટે આ ચાર પંક્તિઓ કહેવાનું કહેવામાં આવ્યું છે, જે ખૂબ જ સુંદર છે. તો કૃપા કરીને ધ્યાનથી સાંભળો. જ્યારે કોઈ તમને પૂછે, તમે શું કરો છો? ત્યારે ગર્વથી કહો, હું રાષ્ટ્રનું રક્ષણ કરું છું. જો કોઈ તમને પૂછે, તમે કેટલું કમાઓ છો? તો થોડું સ્મિત કરો અને કહો, હું ૧.૪ અબજ લોકોના આશીર્વાદ મેળવું છું. અને જો કોઈ તમને હજુ પણ પૂછે, શું તમને ક્યારેય ડર નથી લાગતો? મારી આંખોમાં જુઓ અને કહો,



જેઓ આપણા પર હુમલો કરે છે તેઓ તેને અનુભવે છે.”

શાહરૂખ ખાને આગળ કહ્યું, “આજે, ગ્લોબલ પીસ ઓનર્સ ના આ પ્રસંગે, સમગ્ર રાષ્ટ્ર વતી, હું શહીદોના પરિવારોને સલામ કરું છું. હું તે માતાઓને સલામ કરું છું જેમના ગર્ભથી આ બહાદુર પુત્રોને જન્મ મળ્યો છે. હું તેમના પિતાઓની ભાવનાને સલામ કરું છું. હું તેમના ભાગીદારોની હિંમતને સલામ કરું છું કારણ કે તેઓ યુદ્ધમાં હતા, પરંતુ તમે બધાએ પણ અપાર હિંમત અને બહાદુરીથી યુદ્ધ લડ્યું.”

**રશિયા-યુક્રેન વચ્ચે સીઝફાયરના પ્રયાસ**

# ટ્રમ્પના પ્લાન સામે યુરોપને વાંધો, ઝેલેન્સ્કીને અપાઈ ડેડલાઈન

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૩**

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા અને યુક્રેન વચ્ચે યુદ્ધવિરામ (સીઝફાયર) લાવવાના પ્રયાસરૂપે કિવને મોકલેલા શાંતિ પ્રસ્તાવ પર યુરોપિયન દેશોએ ચિંતા વ્યક્ત કરી છે. આ પ્રસ્તાવ રશિયાના હિતોની નજીક હોવાનું મનાઈ રહ્યું છે, ત્યારે ટ્રમ્પે યુક્રેનના પ્રમુખ વોલોદીમિર ઝેલેન્સકીને ૨૭મી નવેમ્બર સુધીમાં આ પ્રસ્તાવ પર જવાબ આપવાની ડેડલાઈન આપી છે.

વ્હાઈટ હાઉસ ખાતે પત્રકારો સાથે વાત કરતા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુક્રેનના નિર્ણયને અંતિમ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે, અમેરિકા કોઈપણ સંજોગોમાં સંઘર્ષનો અંત લાવશે અને યુક્રેન ૨૭મી નવેમ્બર સુધીમાં જવાબ આપે તેવી અપેક્ષા છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટતા કરી કે અમેરિકા દ્વારા કિવને મોકલવામાં આવેલો શાંતિ પ્રસ્તાવ અંતિમ નથી. જો યુક્રેન ઈચ્છે તો તે સંપૂર્ણ તાકાતથી લડાઈ ચાલુ રાખી શકે છે.

અહેવાલો અનુસાર, સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ સેનેટરોને જણાવ્યું હતું કે, ૨૮-મુદ્દાની શાંતિ યોજના રશિયા પાસેથી મળેલી સામગ્રી પર આધારિત છે, જોકે યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

યુક્રેનના પ્રમુખ વોલોદીમિર ઝેલેન્સકીએ અમેરિકાના પ્રસ્તાવ પર ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે કહ્યું કે, કિવ હાલમાં તેના ઈતિહાસના સૌથી મુશ્કેલ સમયનો સામનો કરી રહ્યું છે. યુએસનો ડ્રાફ્ટ રશિયાના હિતોની નજીક લાગે છે અને યુક્રેન પર તેને સ્વીકારવા માટે દબાણ વધી રહ્યું છે. દેશે નક્કી કરવું પડશે કે તેનું ગૌરવ જાળવવું કે મુખ્ય સાથી ગુમાવવાનું જોખમ લેવું.

G20માં ભાગ લેનારા યુરોપિયન દેશોએ પણ યુએસ યોજના અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેમના નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે, કોઈ પણ દેશની સરહદો બળજબરીથી બદલવી જોઈએ નહીં અને જો યુક્રેન તેની વર્તમાન સ્થિતિ છોડી દેતો તેનું ભવિષ્ય જોખમી બનશે.

લીક થયેલા યુએસ ડ્રાફ્ટમાં પૂર્વી ડોનેટ્સકના ભાગો છોડી દેવા, રશિયાના નિયંત્રણ હેઠળના વિસ્તારોને માન્યતા આપવા અને ખેરસન-ઝાપોરિઝ્ઝિયામાં યુદ્ધ રેખાઓને સ્થિર કરવા જેવા સૂચનો શામેલ છે. G20 દરમિયાન બ્રિટિશ વડાપ્રધાન કીર સ્ટાર્મરે સ્પષ્ટ કર્યું હતું કે, યુક્રેનની લશ્કરી ક્ષમતાઓને મર્યાદિત કરતી કોઈપણ દરખાસ્ત અસ્વીકાર્ય છે અને કિવને યુદ્ધવિરામ પછી પણ પૂરતી સ્વ-રક્ષણ ક્ષમતાઓ જાળવવાની જરૂર છે. ટ્રમ્પના ડ્રાફ્ટમાં યુક્રેનની લશ્કરી તાકાત મર્યાદિત કરવા, રશિયા પરના આર્થિક પ્રતિબંધોને ધીમે ધીમે હળવા કરવા અને ભવિષ્યમાં G7માં તેના પાછા ફરવાનો માર્ગ ખોલવાનો પ્રસ્તાવ પણ શામેલ છે.

# આલિયા, કરણે દિવ્યા ખોસલા વિરુદ્ધ નેગેટિવ કેમ્પેઈન ચલાવેલું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૩**

ટી સીરિઝના માલિક ભૂષણ કુમારની પત્ની અને હિરોઈન દિવ્યા ખોસલા કુમાર તથા નિર્માતા મુકેશ ભટ્ટ વચ્ચેની એક ઓડિયો વાતચીત વાયરલ થઈ છે. તેમાં એવું તારણ મળી રહ્યું છે કે આલિયા ભટ્ટ અને કરણ જોહરે દિવ્યાને બદનામ કરવા માટે રીતસરનું નેગેટિવ પબ્લિસિટી કેમ્પેઈન ચલાવ્યું હતું.

વાસ્તવમાં આલિયા ભટ્ટે કરણ સાથે મળીને પોતાના પ્રોડક્શન હેઠળની પહેલી ફિલ્મ જિગરા બનાવી હતી. આ ફિલ્મ સદંતર ફલોપ રહી હતી. તે સમયે દિવ્યાએ એવો આરોપ મૂક્યો હતો કે જિગરાની સ્ટોરી વાસ્તવમાં તેની અને હર્ષવર્ધન રાણેની ફિલ્મ સાવીની બેઠી ઉઠાંતરી છે. તે સમયે દિવ્યા ફક્ત પબ્લિસિટી ખાતર આવા આરોપો કરી રહી હોવાની વાત ચગી હતી. એ વખતે નિર્માતા મુકેશ ભટ્ટે પણ દિવ્યા ખોટો પબ્લિસિટી સ્ટન્ટ કરી રહી હોવાનો દાવો કર્યો હતો.

હાલ જારી થયેલી ઓડિયો ટેપ મુજબ તે વખતે જ દિવ્યાએ મુકેશ ભટ્ટને ફોન કરીને કહ્યું હતું કે તેઓ તેની વિરુદ્ધ આવો અપપ્રચાર શા માટે કરી રહ્યા છે. તે વખતે મુકેશ ભટ્ટે તેને જવાબ આપ્યો હતો કે પોતે તેની વિરુદ્ધ કશું બોલ્યા નથી પરંતુ સામેની પાર્ટી (એટલે કે આલિયા અને કરણ જોહર) તેની વિરુદ્ધ સિસ્ટમેટિક નેગેટિવ પીઆર કેમ્પેઈન ચલાવી રહ્યા છે. દિવ્યાનો જન્મદિવસ હતો તે જ દિવસે તેની વિરુદ્ધ આ બધા આરોપોનો મારો ચલાવી તેને માનસિક રીતે પરેશાન કરાઈ હતી.




**૪૦ દિવસ સુધી પથારીવશ રહી**

# “દે દે પ્યાર દે ૨”ના સેટ ઉપર ઘાયલ થઈ હતી રકુલ પ્રીત સિંહ




**રકુલે જણાવ્યું કે તે ફિઝિયોથેરાપિસ્ટને સાથે રાખીને કામ કર્યું**

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

અજય દેવગણ અને રકુલ પ્રીત સિંહની દે દે પ્યાર દે ૨બોક્સ ઓફિસ પર સારું પ્રદર્શન કરી રહી છે, અને જેમાં રકુલ પ્રીત સિંહના અભિનયની ખૂબ જ પ્રશંસા થઈ રહી છે. આ ફિલ્મમાં કોમેડી અને રોમાંસ બંને જોવા મળી રહ્યો છે. વર્ષ ૨૦૧૯ની ફિલ્મની સિક્વલમાં ઘણી નવી એન્ટ્રીઓ થઈ અને તે સિનેમાઘરોમાં ધમાકેદાર હિટ રહી છે.

રકુલ પ્રીત સિંહે પોતાના અભિનથી લોકોના દિલ જીતી લીધા છે. તેના શાનદાર અભિનયથી દર્શકો અને ક્રિટિક્સ બંને પ્રભાવિત થયા છે. ફિલ્મમાં મીઝાન જાફરી સાથેની તેની શાનદાર કેમેસ્ટ્રી ચર્ચાનો વિષય બની છે.

એક ઈન્ટરવ્યુમાં રકુલ પ્રીત સિંહે ખુલાસો કર્યો હતો કે, દે દે પ્યાર દે ૨ના શૂટિંગ દરમિયાન તેને ગંભીર ઈજા થઈ હતી. અભિનેત્રીએ કહ્યું હતું કે, તેને કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હતી, જેના કારણે લગભગ ૪૦ દિવસ સુધી બેડ રેસ્ટ પર રહી હતી. આ દિવસોમાં ન તો બેસી શકતી હતી કે ન તો તે ચાલી શકતી હતી.

અભિનેત્રીએ કહ્યું કે, હાલત એટલી બગડી ગઈ કે ૪૦ દિવસ સુધી પથારીમાં હતી, જેના કારણે નિર્માતાઓને ત્રણ મહિના માટે શૂટિંગ બંધ કરવાની ફરજ પડી હતી. જ્યારે રકુલ પ્રીત સિંહે આખરે શૂટિંગ ફરી શરૂ કર્યું, ત્યારે તેની હાલતમાં ખાસ સુધારો થયો ન હતો. તે જમીન પર કે ખુરશી પર બેસી શકતી ન હતી. પરંતુ તેણે નિર્માતાઓના આર્થિક નુકસાનને ધ્યાનમાં રાખીને શૂટિંગ ચાલુ રાખ્યું હતું.

રકુલે જણાવ્યું કે, તે ફિઝિયોથેરાપિસ્ટને સાથે રાખીને કામ કરતી હતી. ફિલ્મમાં એક હાઈવે સીન છે જ્યાં તેના ડોક્ટરે નજીકમાં એક બેડ રાખ્યો હતો. શૂટિંગ પૂરું થતાં જ તે સૂઈ જતી અને બધું સેટ ન થાય ત્યાં સુધી ત્યાં જ રહેતી હતી.

રકુલ પ્રીત સિંહની મહેનત આખરે રંગ લાવી, દે દે પ્યાર દે ૨ ૨૦૧૯માં રિલીઝ થયેલી પહેલી ફિલ્મ આશિષ અને આયેશાની કહાની આગળ વધારી છે. આ વખતે કહાની વધુ મજબૂત છે. સિક્વલમાં આશિષ આયેશાના માતાપિતા પાસે લગ્ન કરવાની પરવાનગી લેવા જાય છે. જોકે, શરૂઆતમાં તેઓ કપલની ઉંમરના તફાવતથી ચિંતિત થાય છે કે, આશિષ ખરેખર આયેશાના પિતાની ઉંમરનો છે. ફિલ્મ રમુજી ક્ષણોથી ભરેલી છે.

# ઐશ્વર્યા રાયે પિતાના જન્મ દિવસ પર કરી ભાવુક પોસ્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

બોલિવૂડ અભિનેત્રી અને મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાય બચ્ચન છેલ્લા ઘણા સમયથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઓછી સક્રિય છે. ગ્લેમરની દુનિયાથી દૂર અભિનેત્રી પોતાના પારિવારિક જીવનમાં વ્યસ્ત છે. તે સોશિયલ મીડિયા પર પણ ખાસ સક્રિય નથી. ઐશ્વર્યા ફક્ત ખાસ પ્રસંગોએ જ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શેર કરે છે. ગઈકાલે મિસ વર્લ્ડે તેના પિતાને તેમના જન્મદિવસ પર ભાવનાત્મક પોસ્ટ સાથે યાદ કર્યા હતા. અભિનેત્રીએ જન્મદિવસની શુભેચ્છા પાઠવતા ફોટો જ શેર કર્યા છે, જેમાં આરાધ્યાના કેટલાક અનસીન ફોટોઝ શેર કર્યા છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ઐશ્વર્યા રાય બચ્ચને તેના પિતા કૃષ્ણરાજ રાય માટે ઈન્સ્ટાગ્રામ પર પ્રેમાળ પોસ્ટ શેર કરી છે, જેમાં તેણે લખ્યું છે કે, “હેપ્પી બર્થડે ડિયરસ્ટ ડેડી-અજ્જા. અવર ગાર્ડિયન એન્જલ, અમે તમને ખૂબ પ્રેમ કરીએ છીએ. તમારા બધાના પ્રેમ માટે ખૂબ ખૂબ આભાર. અમે તમારા પ્રેમ અને આશીર્વાદ માટે આભારી છીએ.” આ સાથે ઐશ્વર્યા રાયે પુત્રી આરાધ્યાના પિતા સાથે ફોટોઝ શેર કર્યા છે. જેમાં બંને એકબીજા પર પ્રેમ વરસાવતા અને ખુશ જોવા મળી રહ્યા છે.

મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાયે શેર કરેલા ફોટોમાં જોઈ શકો છો કે, નાની આરાધ્યા માતા અને નાનાજી પર પ્રેમ વરસાવી રહી છે. પહેલા ફોટોમાં તે ઐશ્વર્યાના હાથમાં છે, જ્યારે બીજામાં નાનાજીના હાથમાં જોવા મળી રહી છે. ફેન્સ અભિનેત્રીએ શેર કરેલા ફોટોઝ જ વિવિધ પ્રતિક્રિયા આપી રહ્યા છે અને વખાણ કરતા જોવા મળ્યા છે. ઐશ્વર્યાના પિતા કૃષ્ણરાજ રાયનું ૨૦૧૭માં મુંબઈમાં લાંબી બીમારી બાદ અવસાન થયું હતું. ઐશ્વર્યા તેના પિતાની ખૂબ નજીક હતી, અને તેમના અવસાન બાદ તેણી હંમેશા જન્મદિવસ કે પુણ્યતિથિ પર તેમને યાદ કરીને પોસ્ટ શેર કરતી રહે છે.

જણાવી દઈએ કે, ઐશ્વર્યા રાય બચ્ચન છેલ્લે સાઉથ ફિલ્મ પ્રોડ્યુસર મણિરત્નમની ફિલ્મ પોનીયિન સેલ્વન ૨માં જોવા મળી હતી. થોડા સમય પહેલા ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન તેમના છૂટાછેડાને લઈને સમાચારમાં હતા. કારણ કે બંનેએ જુલાઈમાં અનંત-રાધિકાના લગ્નમાં અલગ-અલગ એન્ટ્રી કરી હતી, ત્યાર બાદ ફરી ઐશ્વર્યા પોતાની દીકરી સાથે એકલી વેકેશન માણવા પહોંચી હતી. ત્યાર બાદ ઐશ્વર્યા અને અભિષેક બચ્ચન કેટલીક ઈવેન્ટ્સમાં સાથે જોવા મળ્યા હતા. જે બાદ તેમના છૂટાછેડાની અફવાઓ શાંત પડી હતી.

**સંજય લીલા ભણશાળીની પ્રોડયૂસર તરીકેની ફિલ્મ**

# સિદ્ધાંત-મૃણાલની દો દિવાને શહર મેં આગામી ફેબ્રુઆરીમાં રજૂ થશે


(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

સંજય લીલા ભણશાળીનાં પ્રોડક્શન હેઠળની ફિલ્મ ‘દો દિવાને શહેર મેં’ આગામી તા.૨૦મી ફેબ્રુઆરીએ રજૂ કરવાની જાહેરાત કરાઈ છે. આ ફિલ્મનાં એક સપ્તાહ પહેલાં જ વેલેન્ટાઈન ડે વખતે શાહિદ અને તૃપ્તિ ડિમરીની ‘ઓ રોમિયો’ રજૂ થવાની છે. આમ આ બંને ફિલ્મો આગળ પાછળ ટકરાઈ શકે છે. ‘દો દિવાને શહેર મેં ’માં સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુરની જોડી હશે. ફિલ્મનું ફક્ત પ્રોડક્શન જ સંજય લીલા ભણશાળીનું છે જ્યારે ડાયરેક્ટર રવિ ઉદયવાર હશે.

ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી મહિનામાં જ તા. ૨૭મીએ રાણી મુખર્જીની ‘મર્દાની થ્રી’ રજૂ થવાની છે. આ તમામ ફિલ્મોએ આગળ પાછળની રીલિઝ ડેટ નક્કી કરી છે એટલે તેમને પહેલાં સપ્તાહમાં સ્ક્રીન મેળવવામાં વાંધો નહિ આવે પરંતુ જો કોઈ ફિલ્મ લાંબી ચાલી જાય તો ટકરામણની સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.

# રાજકુમાર રાવ, કિર્તી સુરેશની નવી ફિલ્મનું ટાઈટલ શિક્ષક નક્કી થયું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૩**




રાજકુમાર રાવ અને કિર્તી સુરેશની આગામી ફિલ્મનું ટાઈટલ ‘શિક્ષક’ નક્કી થયું છે. ટાઈટલ પરથી ખ્યાલ આવે છે તેમ આ ફિલ્મ એજ્યુકેશન સેક્ટરને લગતી હશે. ફિલ્મમાં તાનિયા માનિકતલા પણ મહત્વની ભૂમિકામાં હશે.

આદિત્ય નિમ્બાલકર આ ફિલ્મનું દિગ્દર્શન કરી રહ્યા છે. આદિત્ય અગાઉ અનેક ફિલ્મોમાં એસોસિએટ ડિરેક્ટર તથા રાઈટર રહી ચૂક્યા છે. સ્વતંત્ર દિગ્દર્શક તરીકે તેમની આ પહેલી ફિલ્મ હશે.

રાજકુમાર રાવ આ વર્ષે ‘માલિક’ જેવી ગેંગસ્ટર ડ્રામા દ્વારા એક્શન હિરો બનવાના ફાંફા મારી ચૂક્યા બાદ હવે ફરી સિરિયસ રોલ તરફ વળ્યો છે. ‘માલિક’ ફિલ્મ બોક્સ ઓફિસ પર સદંતર ફલોપ ગઈ હતી.

**અનિતા પડ્ડા સાથેના સંબંધો પર અહાન પાંડેએ તોડ્યું મૌન**


# મારી અને અનિતા પડ્ડા વચ્ચે કોઈ રોમેન્ટિક સંબંધ નથી

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૩**

અહાન પાંડે અને અનિત પડ્ડાની ફિલ્મ "સૈયારા"એ બોક્સ ઓફિસ પર જોરદાર કલેક્શન કર્યું અને દર્શકોના દિલ ઉપર રાજ પણ કર્યું. તેમની ઓનસ્ક્રીન જોડીને દર્શકોએ ખૂબ જ પસંદ કરી હતી, અને તેમની પહેલી ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. આ દરમિયાન એવી અટકળો શરૂ થઈ ગઈ હતી કે, અહાન પાંડે અને અનિત પડ્ડા રિયલ લાઈફમાં ડેટિંગ કરી રહ્યા છે. કરણ જોહરે સંકેત આપ્યો હતો કે, આગામી વર્ષોમાં આ બંને બોલિવૂડના સૌથી ચર્ચિત કપલ બની શકે છે, જેનાથી અટકળોને વધુ વેગ મળ્યો હતો. પરંતુ હવે અહાન પાંડેએ બધી અફવાઓનો અંત લાવી દીધો છે.

એક ઈન્ટરવ્યુમાં અહાન પાંડેએ સંબંધોને લઈ સ્પષ્ટતા કરી હતી કે, તેની અને અનિતા પડ્ડા વચ્ચે કોઈ રોમેન્ટિક સંબંધ નથી. અનિતા મારી બેસ્ટ ફ્રેન્ડ છે. આખું ઈન્ટરનેટ વિચારે છે કે અમે સાથે છીએ, પણ અમે નથી. આ રીતે સૈયારા સ્ટાર અહાન પાંડેએ મહિનાઓથી ચાલી રહેલી અટકળોનો અંત લાવ્યો છે. તેણે વધુમાં જણાવ્યું કે, તેમની ઓન-સ્ક્રીન હોવા મળેલી કેમેસ્ટ્રી રોમાંસથી નહીં, પરંતુ એકબીજાને સારી રીતે સમજવાથી બની છે. અહાન પાંડેએ કહ્યું કે, કેમેસ્ટ્રી હંમેશા રોમેન્ટિક નથી હોતી, તે કમ્ફર્ટ, એકબીજાને સમજવાની ભાવથી બની છે. અમે એકબીજાને એવો અનુભવ કરાવ્યો છે કે, ભલે તે મારી ગર્લફ્રેન્ડ ન હોય, પરંતુ મારો અને અનિતા જેવો બોન્ડ ક્યારેય પણ નહીં મળે. અહાને એ પણ ખુલાસો કર્યો કે, બંનેનું સપનું એક સરખું હતું, જ્યારે તેઓ કો-સ્ટાર પણ નહોતા. બંનેને ફેમસ રાઈટર, પાઉલો કોએલ્હોનું એક વાક્ય ખૂબ ગમ્યું હતું કે, સપના સાકાર થવાની શક્યતા જીવનને રસપ્રદ બનાવે છે. અહાનના મતે આ વાક્ય તેમની પહેલી ફિલ્મ માટે અણધારી રીતે સાચું સાબિત થયું હતું. તેણે કહ્યું કે, અમે સાથે મળીને આ સપનું જોયું હતું, અને તે સાચું પડ્યું. અમે જે શેર કર્યું તે ખૂબ જ ખાસ છે. અહાને પોતાના રિલેશનશિપ અંગે વાત કરતા જણાવ્યું કે, તે હાલમાં સિંગલ છે. જોકે, ઘણા ચાહકો હજુ પણ માને છે કે રિયલ લાઈફમાં બંને વચ્ચે કંઈક ચાલી રહ્યું છે અને તેઓ તેમને સાથે જોવા માંગે છે, પરંતુ અહાને સ્પષ્ટ કર્યું છે કે, તેની અને અનિતા વચ્ચે એવું કંઈ નથી. અહાન પાંડે હાલમાં અલી અબ્બાસ ઝફરની આગામી એક્શન ફિલ્મ માટે તૈયારી કરી રહ્યો છે, જેમાં તે શર્વરી સાથે જોવા મળશે. આ દરમિયાન અનિત પડ્ડા હોરર કોમેડી યુનિવર્સની છઠ્ઠી ફિલ્મ શક્તિ શાલિનીમાં જોવા મળશે, જેમાં તે મુખ્ય ભૂમિકા ભજવશે. આ ફિલ્મ મેડોક ફિલ્મ્સના બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. “સૈયારા”માં તેના અભિનયથી ઈન્ડસ્ટ્રીમાં પહેલેથી જ ખૂબ ચર્ચા થઈ રહી છે.

# સરહદો તો બદલાયા કરે, કોણ જાણે કાલે સિંધ ભારતમાં હોય!: સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ




## રવિવારે દિલ્હીમાં આયોજિત સિંધી પરિષદને સંબોધતી વખતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આ નિવેદન આપ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૩**

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનનું નામ લીધા વિના એક મહત્વપૂર્ણ ચેતવણી આપી છે. તેમણે હાલના પાકિસ્તાનના સિંધ પ્રાંત અંગે એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. રાજનાથ સિંહે કહ્યું કે આજે ભારતની રાજકીય સીમાઓમાં સિંધનો સમાવેશ થતો નથી, પરંતુ સભ્યતા અને સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી સિંધને હંમેશા ભારતનો અભિન્ન ભાગ માનવામાં આવે છે. રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે જમીન સરહદ ક્યારે બદલાશે તે કોઈ જાણતું નથી, અને ભવિષ્યમાં સિંધ ભારતમાં ફરી જોડાય તેવી શક્યતાને સંપૂર્ણપણે નકારી શકાય નહીં.

રવિવારે દિલ્હીમાં આયોજિત સિંધી પરિષદને સંબોધતી વખતે સંરક્ષણ મંત્રીએ આ નિવેદન આપ્યું. લાલકૃષ્ણ અડવાણીનો ઉલ્લેખ કરતા કહ્યું કે અડવાણીએ તેમના એક પુસ્તકમાં લખ્યું છે કે સિંધી હિન્દુઓ, ખાસ કરીને તેમની પેઢીના લોકો, હજુ પણ સિંધને ભારતથી અલગ માનતા નથી. નોંધનીય છે કે ૧૯૪૭ના ભારત-પાકિસ્તાનના ભાગલા પછી, સિંધ પ્રાંત પાકિસ્તાનનો ભાગ બન્યો. તે હાલમાં પાકિસ્તાનનો ત્રીજો સૌથી મોટો પ્રાંત છે, જેની રાજધાની કરાચી છે. આ પ્રદેશમાં બોલાતી મુખ્ય ભાષાઓ ઉર્દૂ, સિંધી અને અંગ્રેજી છે.

રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે, માત્ર સિંધમાં જ નહીં, પરંતુ સમગ્ર ભારતમાં, હિન્દુઓ સિંધુ નદીને પવિત્ર માને છે. અડવાણીજીના વાક્યમાં જણાવાયું છે કે સિંધના ઘણા મુસ્લિમો પણ માનતા હતા કે સિંધુ નદીનું પાણી મક્કાના ઝમઝમના પાણી કરતાં ઓછું પવિત્ર નથી. રાજનાથ સિંહે વધુમાં કહ્યું કે, ભલે સિંધ આજે ભારતીય પ્રદેશનો ભાગ નથી, પણ તે હંમેશા સાંસ્કૃતિક રીતે ભારતનો ભાગ રહેશે. જ્યાં સુધી જમીનનો સંબંધ છે, સરહદો ગમે ત્યારે બદલાઈ શકે છે. કોણ જાણે, સિંધ કાલે ભારતમાં પાછું આવી શકે છે. સિંધના આપણા લોકો, જે સિંધુ નદીને પવિત્ર માને છે, તે હંમેશા આપણા પોતાના રહેશે.

૧૯૪૭ના ભારત-પાકિસ્તાનના ભાગલામાં, આશરે ૨૦૦૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલું હજારો વર્ષ જૂનું થાર રણ, વિભાજન રેખા સાથે વિભાજિત થયું હતું. આ ફક્ત રેતીનો પ્રદેશ નહોતો, તેણે સિંધના સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક માળખાને પણ ઊંડી અસર કરી. ભાગલા અને હિંસાને કારણે મોટા પાયે થયેલા સ્થળાંતરે ધીમે ધીમે સિંધની સમૃદ્ધિને અસ્થિરતા અને ગરીબીમાં પરિવર્તિત કરી દીધી. સિંધના મધ્યમ વર્ગના હિન્દુ સમુદાયે પોતાના ઘર છોડીને ભારતમાં સ્થળાંતર કર્યું.

બીજી બાજુ, ભારતમાંથી સ્થળાંતર કરનારા મુસ્લિમો સિંધના સ્થાનિક મુસ્લિમ સમાજમાં એકીકૃત થઈ શક્યા નહીં. સ્થાનિક સિંધી મુસ્લિમોએ તેમને મુહાજીર કહેવાનું શરૂ કર્યું. સમય જતાં, બંને જૂથો વચ્ચે તણાવ વધતો ગયો, જેના કારણે હિંસા થઈ, જે લગભગ બે દાયકા સુધી પ્રદેશના વિકાસ અને સામાજિક સુમેળમાં મોટો અવરોધ રહ્યો.

# વાપીમાં ચાલી રહેલી SIRની કામગીરીની નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ સમીક્ષા કરી

## ગુજરાત પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નકરે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ સાથે વાપી ખાતે ચાલી રહેલ એસઆઈ અભિયાન હેઠળ મતદાર યાદી સુધારણા કાર્યક્રમની કરેલી સમીક્ષા



(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)

**વાપી, તા.૨૩**

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના મહામંત્રી રત્નાકરજીએ આજરોજ વાપી ખાતે ગુજરાત સરકાર નાણાં, શહેરી વિકાસ, શહેરી ગૃહ નિર્માણ વિભાગના કેબિનેટ મંત્રી કનુભાઈ દેસાઈ સાથે પારડી વિધાનસભા ક્ષેત્ર મંડળમાં આવતા વાપી મહાનગરપાલિકા, શહેરી વિસ્તારના બુથ,વાપી નોટિફાઈડ મંડળના બુથ,તેમજ વાપી તાલુકા મંડળના બુથમાં SIR ની કામગીરી કરતા બી.એલ.ઓ.ની મુલાકાત લઈ જવાબદાર સુપરવાઈઝર સાથે વાતચીત કરી એસ.આઈ.આર.ની કામગીરીની સ્થિતિ જાણી સમીક્ષા કરી હતી, સાથે એસ.આઈ.આર પ્રક્રિયા ઝડપી બને અને આ કામગીરી દરમ્યાન બી.એલ.એ-૨, બુથ પ્રમુખ અને કાર્યકર્તાઓ એકબીજાને સહાયક બને તે બાબતે જરૂરી કાર્યવાહી કરી સહકાર આપવા માર્ગદર્શન આપ્યું હતું.

આ તબક્કે વલસાડ જિલ્લા ભાજપના પ્રમુખ હેમંતભાઈ કંસારા, જિલ્લા ભાજપના મહામંત્રી શિલ્પેશભાઈ દેસાઈ, વી.આઈ.એ.ના પ્રમુખ સતિષભાઈ પટેલ, વાપી શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ દેસાઈ, સહિત સંગઠનના હોદ્દેદારો, કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મધ્યમવર્ગની દીકરીના લગ્નને પ્રાથમિકતા આપી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાત્કાલિક કાર્યક્રમનું સ્થળ બદલવાનો આદેશ આપ્યો

## પુત્રીના પરિવારની ચિંતા, અમારી ચિંતા : મુખ્યમંત્રી





(સંપૂર્ણ સમાચાર સેવા)

**જામનગર, તા.૨૩**

ગુજરાતના સંવેદનશીલ મુખ્ય પ્રધાન તરીકે ઓળખાતા ભૂપેન્દ્ર પટેલે, જામનગરમાં એક મધ્યમવર્ગીય પરિવારની દીકરીના લગ્ન પ્રસંગને લઈને સંવેદનશીલતા દાખવી છે.

ભૂપેન્દ્ર પટેલ તેમના સાલસ અને ઉદાર સ્વભાવને લઈને અનેક દ્રષ્ટાંતો પૂરા પાડ્યા છે. આવો જ એક કિસ્સો જામનગરમાં બન્યો છે. જેમાં મુખ્યપ્રધાને સંવેદનશીલતા દાખવી છે. જામનગરના મધ્યમવર્ગીય પરમાર પરિવારમાં દીકરીના લગ્ન હતા. પરંતુ ખબર પડી કે મુખ્યમંત્રીનો જાહેર કાર્યક્રમ તેમની દીકરી સંજનાના લગ્ન જે સ્થળે યોજવામાં આવ્યા છે તે જ સ્થળે બીજા દિવસે જ યોજાવાનો છે.

આથી મુખ્ય પ્રધાનની તેમા ઉપસ્થિત રહેનારાઓની સુરક્ષાના કારણોસર લગ્ન સમારોહમાં ખલેલ પહોંચવાની સંભાવના આવી પડી હતી. જેના પગલે, લગ્નોત્સુક પરિવાર ચિંતિત થઈ ગયો. ત્યારબાદ તેમણે આ વાત મુખ્યમંત્રીના ધ્યાન પર લાવ્યા.

પરિવારે આ મુદ્દો મુખ્યમંત્રી સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો. મામલો મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો. આ સાંભળીને મુખ્યમંત્રીએ તાત્કાલિક કાર્યક્રમનું સ્થળ બદલવાનો આદેશ આપ્યો. પુત્રીના પરિવારની ચિંતા, અમારી ચિંતા. મુખ્યમંત્રીના આદેશથી સ્થળ બદલવામાં આવ્યું.

સંજના પરમારના કાકા બ્રિજેશ પરમારે કહ્યું, "મુખ્યમંત્રીને અમારા લગ્નની જાણ થતાં જ તેમણે અમારી સાથે વાત કરી અને અમને ખાતરી આપી. તેમણે કહ્યું, 'બિલકુલ ચિંતા કરશો નહીં. તમારા લગ્ન તે જ ટાઉન હોલમાં ધામધૂમથી ઉજવો જ્યાં તે મૂળ રીતે યોજાવાના હતા.'" અમે અમારા કાર્યક્રમનું સ્થળ બદલીશું. આમ, મુખ્યમંત્રીની સંવેદનશીલતાથી, જામનગરના પરમાર પરિવારની ચિંતાઓ સાવ ઓછી થઈ.

# વડોદરામાં એક અઠવાડિયામાં શ્વાન કરડવાના ૫૫ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**વડોદરા, તા.૨૩**

વડોદરામાં રખડતાં શ્વાનોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. પાછલા ત્રણ દિવસમાં વડોદરા શહેર અને જિલ્લામાં શ્વાન કરડવાના ૫૫ જેટલા કેસ નોંધાયા છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશમાં શ્વાનના કારણે મનુષ્યોને થતાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી તાત્કાલિક ધોરણે અંકુશ લાવવા રાજ્ય સરકારોને આદેશ કર્યા છે. પરંતુ તેમ છતાં શ્વાન કરડવાના બનાવો રોકવામાં વહીવટી તંત્ર ઊણુ ઉતર્યું છે. વડોદરાની એસએસજી હોસ્પિટલમાં નોંધાયેલા આંકડા એ દર્શાવે છે કે લોકો શ્વાનના હુમલાનો ભોગ બની રહ્યા છે.

વડોદરા શહેરમાં હાલ દૈનિક સરેરાશ ૨૩ લોકોને રખડતાં શ્વાન કરડવાનાં બનાવો બની રહ્યાં છે. ત્યારે મહાનગર પાલિકાના અધિકારીઓનો દાવો છે કે અમારા ચોપડે આટલા બધા કેસો નોંધાયા નથી. ઘણીવાર રસીના એક કરતા વધુ ડોજ લેવાના કારણે કેસની સંખ્યા વધુ લાગે છે. પરંતુ પાલિકા શ્વાનનો ત્રાસ દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આગામી બે મહિનામાં શહેરમાં રખડતા ૪૦ હજાર શ્વાનનું રસીકરણ કરાશે.

વડોદરામાં એક અઠવાડિયામાં શ્વાન કરડવાના ૫૫ કેસ નોંધાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

વડોદરા, તા.૨૩

વડોદરામાં રખડતાં શ્વાનોનો ત્રાસ દિવસેને દિવસે વધી રહ્યો છે. પાછલા ત્રણ દિવસમાં વડોદરા શહેર અને જિલ્લામાં શ્વાન કરડવાના ૫૫ જેટલા કેસ નોંધાયા છે. તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશમાં શ્વાનના કારણે મનુષ્યોને થતાં નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી તાત્કાલિક ધોરણે અંકુશ લાવવા રાજ્ય સરકારોને આદેશ કર્યા છે. પરંતુ તેમ છતાં શ્વાન કરડવાના બનાવો રોકવામાં વહીવટી તંત્ર ઊણુ ઉતર્યું છે. વડોદરાની એસએસજી હોસ્પિટલમાં નોંધાયેલા આંકડા એ દર્શાવે છે કે લોકો શ્વાનના હુમલાનો ભોગ બની રહ્યા છે.

વડોદરા શહેરમાં હાલ દૈનિક સરેરાશ ૨૩ લોકોને રખડતાં શ્વાન કરડવાનાં બનાવો બની રહ્યાં છે. ત્યારે મહાનગર પાલિકાના અધિકારીઓનો દાવો છે કે અમારા ચોપડે આટલા બધા કેસો નોંધાયા નથી. ઘણીવાર રસીના એક કરતા વધુ ડોજ લેવાના કારણે કેસની સંખ્યા વધુ લાગે છે. પરંતુ પાલિકા શ્વાનનો ત્રાસ દૂર કરવા માટે સતત પ્રયત્નશીલ છે. આગામી બે મહિનામાં શહેરમાં રખડતા ૪૦ હજાર શ્વાનનું રસીકરણ કરાશે.

## ભાવનગરમાં મેગા ડિમૉલિશન

# ગેરકાયદે મદરેસા, ૬ ફ્લેટ અને ૮ હૉસ્ટેલને તોડી પડાઈ

### વહેલી સવારથી જ ભાવનગરમાં અકવાડા મદરેસામાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવી રહ્યા હતા



(સંપૂર્ણ સમાચાર સેવા)

**ભાવનગર, તા.૨૩**

ભાવનગરમાં દાદાનું બૂલડૉઝર ફરી વળ્યુ છે. ગેરકાયદે દબાણો હટાવવું અભિયાન ફરી એકવાર ભાવનગરમાં શરૂ થયુ છે. આજે વહેલી સવારથી ભાવનગરમાં દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઇ હતી, જેમાં શહેરના અકવાડાથી તરસમિયા રોડ પર આવેલી ગેરકાયદે મદરેસાને તોડી પડાઇ હતી. મદરેસાની જગ્યામાં ઉભા થયેલા છ ફ્લેટ, આઠ હોસ્ટેલ રૂમને પણ દૂર કરવામાં આવ્યા હતા. પાલિકાએ આ મેગા ડિમૉલિશન દરમિયાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ચાર જેસીબી, ત્રણ હિટાચી મશીનની મદદથી સમગ્ર કામગીરી પુરી કરી હતી, આમાં ૧૫૦૦ ચોરસ મીટર જગ્યા ખૂલ્લી કરવામાં આવી હતી.

આજે વહેલી સવારથી જ ભાવનગરમાં અકવાડા મદરેસામાં ગેરકાયદેસર બાંધકામો દૂર કરવામાં આવી રહ્યા છે. શહેરની અકવાડા મદરેસા ટીપી રોડ નીકળતો હોવાથી અહીં થયેલા ગેરકાયદેસર બાંધકામો ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે દૂર કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે, ઘોઘા રોડથી અધેવાડા સુધી ૨૪ મીટર ટીપી રોડ પરથી દબાણો હટાવાઈ રહ્યા છે. તેથી મહાનગર પાલિકાના વિશાળ દબાણ હટાવ અભિયાન અંતર્ગત દારુલ ઉલુમ મદરેસા વિસ્તારમાંથી ૧૫૦૦ ચો.મી દબાણ દૂર કરવામાં આવ્યું. આ કામગીરીમાં ચાર JCB, બે હિટાચી સહિત વાહનો સાથે કાર્યવાહી શરૂ કરાઇ હતી. અકવાડા વિસ્તારમાંથી ૬ ફ્લેટ અને ૧ હોસ્ટેલના રૂમ પર પાલિકાએ બુલડોઝર ફેરવ્યું છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ભારે પોલીસ બંદોબસ્ત સાથે LCB, SOG સહિત વિભાગોની ટીમો તૈનાત રાખવામાં આવી હતી. દબાણ હટાવી ૧૫૦૦ ચોરસ મીટરની જગ્યા ખુલ્લી કરવામાં આવી છે. મનપાના દબાણ વિભાગ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે મનપાના અધિકારીઓ, કર્મચારીઓ અને વિવિધ વિભાગોની ટીમોએ સ્થળ પર પહોંચીને કામગીરી હાથ ધરી છે.

# સુરતઃ આરોપી ચાલુ ગાડીએ ડ્રગ્સનો સપ્લાય કરતો હોવાનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુરત, તા.૨૩**

ગુજરાતમાંથી અવારનવાર નશાકારક પદાર્થનું વેચાણ અને ખરીદી પર પ્રતિબંધ હોવા છતા અનેક વખત આ પ્રકારની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતમાંથી ડ્રગ્સના વેચાણનો પર્દાફાશ થયો છે. સુરતના મુગલીસરા વિસ્તારમાં આલુપુરીની આડમાં ડ્રગ્સનું વેચાણ થતુ હોવાનું સામે આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગ્રાહકોને ચાલુ ગાડીએ જ ડ્રગ્સ સપ્લાય કરવામાં આવતું હતુ. જેની જાણ પોલીસને થતા પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં આલુપુરીની આડમાં ડ્રગ્સનો વેપલો કરવામાં આવતો હોવાનું સામે આવ્યું હતું. જેમાં પોલીસે એક આરોપીની ધરપકડ કરી મુદ્દામાલ જપ્ત કર્યો છે. તેમજ વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે સુરતમાંથી આલુપુરીની આડમાં સ્ટ્ફ ડ્રગ્સનું વેચાણ થતુ હોવાનો પર્દાફાશ થયો છે. શહેરના મુગલીસરા વિસ્તારમાં આરોપી ડ્રગ્સનું વેચાણ કરતો હતો.પોલીસને શંકા જતા તપાસ હાથ ધરી જેમા આરોપી ગ્રાહકોને ચાલુ ગાડીએ ડ્રગ્સ સપ્લાય કરતો હોવાનું સામે આવ્યુ હતુ. પોલીસે ડ્રગ્સ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો છે.

# ગાંધીનગર મેડિકલ કોલેજમાં રેગિંગ કરનારા ૧૪ સિનિયરો હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**ગાંધીનગર, તા.૨૩**

ગાંધીનગર મેડિકલ કોલેજમાં રેગિંગ કરનારા ૧૪ સિનિયરો હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરાયા છે. જુનિયર વિદ્યાર્થીઓ પાસે 'ઈન્ટ્રો' કરાવી માનસિક ટોર્ચર કરતા હતા. સેકન્ડ વર્ષમાં વિદ્યાર્થીઓને ૬ મહિના માટે, જ્યારે થર્ડ યરના વિદ્યાર્થીઓને ૨ વર્ષ માટે હોસ્ટેલમાંથી રસ્ટીકેટ કરાયા છે. GMERS મેડિકલ કોલેજની બોયઝ હોસ્ટેલમાં ફરી એકવાર શરમજનક રેગિંગની ઘટના પ્રકાશમાં આવી છે. ઘટનામાં પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને બોલાવી 'ઈન્ટ્રો' આપવાની ફરજ પાડી તેમની સાથે પરાણે હસી-મજાક કરીને માનસિક રીતે ટોર્ચર કરતા હતા. પ્રથમ વર્ષના કેટલાક વિદ્યાર્થીઓએ હિંમત દાખવીને તાત્કાલિક મેડિકલ કોલેજ સત્તાધિશો સમક્ષ લેખિતમાં રજૂઆત કરી હતી. આ ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈને કોલેજ સત્તાધિશોએ તપાસ શરૂ કરી હતી. ગાંધીનગર મેડિકલ કોલેજમાં રેગિંગ કરનારા ૧૪ સિનિયરો હોસ્ટેલમાંથી સસ્પેન્ડ કરાયા છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**સાયલી સાલકરપાડા...**

જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ભંડારીના મુખ્ય અતિથિ પદે ભવ્ય વિદાયમાન સભારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રીમતી ઈલાબેન બાબરભાઈ પટેલે એમના જીવનના ૪૦ વર્ષ બે મહિના અને ૧૩ દિવસ જેટલા લાંબા સમય સુધી શિક્ષણ ક્ષેત્રમાં સેવા આપી હતી અને આજે તેઓ વયમર્યાદાના કારણે સેવા નિવૃત થયા હતા.

આજના નિવૃત્તિ વિદાયમાન પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા દાનહ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ભંડારીએ શિક્ષકોનું સમાજમાં મહત્ત્વ અને ગુરુ વિશે પ્રેરણાદાયી ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે શિક્ષકનું જીવંત મહત્ત્વ આપતા શ્રી જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી જયેશભાઈ ભંડારીએ જણાવ્યું હતું કે, મનુષ્યના જીવન ઘડતર માટે ગુરુનું સ્થાન ભગવાન પછી મહત્ત્વનું છે. પ્રથમ ગુરુ એ શિક્ષક છે, જે બાળકમાંથી સારા મનુષ્યનું આખરી ઘડતર કરે છે. બીજા તબક્કે સંત મહાત્માઓ સમાજમાં સાચી દિશા અને યોગ્ય વિચારધારા આપે છે. શ્રી ભંડારીએ સંવેદનાત્મક કુંભારનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે, જેમ એક કુંભાર કાદવમાંથી માટલું ઘઢે છે, તેવી જ રીતે શિક્ષક બાળકોનું યોગ્ય શિક્ષણ, સંસ્કાર અને ભવિષ્યના માર્ગે દોરી સાચું અને સચોટ ઘડતર કરે છે. આ તબક્કે શ્રી ભંડારીએ દાદરા નગર હવેલીના પૂર્વ આઈ.એ.એસ. અધિકારી શ્રીમતી પૂજા જૈનના સંદેશને યાદ કરતા જણાવ્યું હતું કે "મારું જીવન ઘડતર શિક્ષકે કર્યું છે, જે પછી ભગવાન અને સંત પુરુષના પુરુષાર્થનો સાચો અર્થ સમજવા મળ્યો." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સમાજના ઉમદા મૂલ્યો જેવા જોડાણથી શિક્ષક માત્ર શિક્ષણ પૂરતા નથી, પણ સમાજમાં સાચા મૂલ્યો અને સંસ્કાર પોઢે છે. શિક્ષકનું જીવન એ સમાજ-મૂલ્યોના નવ નિર્માણની એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહે છે.

આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા નિવૃત્તિ વિદાયમાન લઈ રહેલા શિક્ષિકા શ્રીમતી ઈલાબેન પટેલના સુપુત્ર અને સંઘપ્રદેશ પોલીસ વિભાગના એસ.એચ.ઓ. શ્રી જીગ્નેશભાઈ પટેલે એમની માતાના જીવનનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે આવતા સમયમાં નિવૃત્ત માતા અને પરિવારની સાથે રહી આગળનું શેષ જીવન શાંતિ, તંદુરસ્તી અને સુખમય રીતે વિતે એવી આશા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં સાયલી ગ્રામ પંચાયતના સરપંચ શ્રી વિષ્ણુભાઈ વરઠા, પ્રાથમિક શાળાના પૂર્વ આચાર્ય અને શ્રીમતી ઈલાબેનના પતિ શ્રી ભગુભાઈ પટેલ, પૂર્વ હાઈસ્કૂલના આચાર્ય શ્રી પી.એમ. પટેલ, સી.આર.સી. શ્રીમતી શેફાલીબેન પટેલ, શ્રીમતી હેતલબેન પટેલ, કરાડ કેન્દ્ર શાળાના આચાર્યા શ્રીમતી દક્ષાબેન પટેલ તેમજ સાલકરપાડાના મુખ્ય શિક્ષક શ્રીમતી ફાલ્ગુનીબેન પટેલ, મસાટ પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક શ્રી રણજિતભાઈ પટેલ, પૂર્વ સરપંચ શ્રી માધુભાઈ પટેલ, ભારતીય આદિવાસી ધોડિયા સમાજ ઉત્કર્ષ સંગઠનના પ્રમુખ શ્રી અશ્વિનભાઈ એચ. પટેલ સહિત શ્રીમતી ઈલાબેન પટેલના કુટુંબીજનો, મિત્રો સગા-સંબંધીઓ અને ગામના આગેવાનો, પોલીસ વિભાગના અધિકારીઓ અને તેમના સાથી શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**રાજ્યના નાણાં મંત્રી...**

આર્યુવેદ જડમૂળથી બીમારી દૂર કરે છે.

જિલ્લા આર્યુવેદ અધિકારી ઉર્વીબેન પટેલે સ્વાગત પ્રવચન કરી આયુર્વેદ અને હોમિયોપેથીક ચિકિત્સાનું મહત્વ સમજાવ્યું હતું સાથે જ જીવન શૈલી બદલવાથી જીવનમાં સર્વાંગી સુખાકારી મળે છે એમ કહ્યું હતું. વધુમાં તેમણે યોગ અને આયુષને અપનાવી દીર્ઘાયુ જીવન જીવવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમમાં જિલ્લા આયુર્વેદ શાખાના મેડિકલ ઓફિસરોનું પ્રસંશનીય કામગીરી બદલ મંત્રીશ્રીના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી સહિત તમામ મહેમાનોનું ઔષધીય કીટ અને સ્મૃતિ ભેટ સાથે સ્વાગત કરાયું હતું. મહાનુભાવોએ લોકોની સમજ વધારવામાં માટે યોજેલી પ્રદર્શનીની મુલાકાત લીધી હતી, જેમાં આંગણાની વનસ્પતિ, રસોડાની ઔષધી પ્રદર્શન, આયુર્વેદ આહાર વાનગી પ્રદર્શન, પુસ્તક પ્રદર્શન અને આયુર્વેદ રંગોળી પ્રદર્શન નિહાળી આયુર્વેદ વિશે વિસ્તૃત માહિતી મેળવી હતી. બાળકોને મંત્રીશ્રીના હસ્તે સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. આયુર્વેદનો સંદેશ જનજન સુધી પહોંચે તે માટે મંત્રીના હસ્તે રંગબેરંગી ફુગ્ગા આકાશમાં ઉડાડવામાં આવ્યા હતા.

આયુષ મેળામાં લોકોએ ચામડીના રોગ, સ્ત્રી રોગ, બાળકોના રોગ, વૃદ્ધાવસ્થામાં થતા રોગ, ડાયાબિટીસ, બ્લડ પ્રેસર, થાઈરોઈડ, હરસ, મસા સહિતની વિવિધ બીમારીઓની સારવાર મેળવી હતી.

આ પ્રસંગે વીઆઈએ પ્રમુખ સતીશ પટેલ, પારડી તાલુકા પંચાયત પ્રમુખ દક્ષેશ પટેલ, પારડી મામલતદાર કે.એમ.રાણા, પારડી પાલિકા પ્રમુખ ચેતન નાયકા, શહેર સંગઠન પ્રમુખ વિપુલ પટેલ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ, વરિષ્ઠ નાગરિક પેન્શન મંડળના સભ્યો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આભારવિધિ હરિયા આયુર્વેદ ડિસ્પેન્સરીના મેડિકલ ઓફિસર સ્વાતિ પંચાલે કરી હતી જ્યારે કાર્યક્રમનું સંચાલન આયુર્વેદ સિવિલ ઓપીડીના મેડિકલ ઓફિસર દિવ્યા સોલંકીએ કર્યું હતું.

**(છેલ્લા પાનાનું ચાલુ)** **એબીવીપીની બિરસા મુંડા...**

સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ અને કાર્યકરો આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જોડાયા હતા. સમાપન પ્રસંગે રાજ્યના આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ જણાવ્યું કે જનજાતિ સમાજના ઈતિહાસ, યોગદાન અને પરંપરાઓને જીવંત રાખી સામાન્ય લોકો સુધી પહોંચાડવા સરકાર સતત પ્રયત્નશીલ છે.

આ કાર્યક્રમમાં ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, ભાજપના મહેન્દ્રભાઈ ચૌધરી, સામાજિક કાર્યકર્તા ડો. હેમંતભાઈ પટેલ, એબીવીપીનાં હર્ષભાઈ આહીર, મનનભાઈ પટેલ, ડૉ. હેમલતાબેન તેમજ વલસાડ એબીવીપીના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. સમાપન સાથે યાત્રાએ પ્રદેશમાં જનજાગૃતિ અને ઐતિહાસિક ગૌરવને યાદ કરવાની ભાવનાને વધુ મજબૂત કરી હતી.

સંઘ પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
કર્મચારી ચયન બોર્ડ

" જાહેરાત નં-૪: પ્રાથમિક/ઉચ્ચ પ્રાથમિક શાળા શિક્ષક (અંગ્રેજી માધ્યમ) ની જગ્યા માટે ઓનલાઈન અરજીઓનું આમંત્રણ "
No. 77/SSB/DDD/EDU-PST/UPST(EM)/2025-26/196 Dated:22/11/2025
પ્રારંભ તારીખ:૦૩/૧૨/૨૦૨૫
સમાપ્તિ તારીખ:૦૧/૦૧/૨૦૨૬
વેબસાઈટ: https://daman.nic.in/ojas/

વિગતો માટે કૃપા કરીને સ્કેન કરો

સંયુક્ત સચિવ, કર્મચારી ચયન બોર્ડ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ
Note: In case of any dispute English language version shall prevail.
No. IP/DMN/2/5/2025-26/952, Dated: 22/11/2025

વર્તમાન પ્રવાહ

વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

# વાપી ખાતે નાણામંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની યુનિટી માર્ચ યોજાઈ

**ભારતમાં વિવિધ ધર્મ - સંસ્કૃતિ હોવા છતાં ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ**




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વલસાડ જિલ્લામાં વાપી મહાનગરપાલિકા ખાતેથી નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યુનિટી માર્ચ સરદાર@૧૫૦ અંતર્ગત પારડી વિધાનસભાની જિલ્લા કક્ષાની યુનિટી માર્ચ યોજાઈ હતી. આ પદયાત્રામાં લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલે વિશેષ ઉપસ્થિત રહી ઉત્સાહભેર ભાગ લીધો હતો.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ યુનિટી માર્ચને પ્રસ્થાન કરાવતા કહ્યું હતું કે, સરદાર પટેલે અખંડ ભારત, એક ભારતનું નિર્માણ કર્યું હતું તેને આપણે શ્રેષ્ઠ ભારત બનાવવા માટે સમગ્ર ભારત દેશ એક હોવો જોઈએ અને સંવિધાન મુજબ ચાલવો ખૂબ જરૂરી છે. તેથી જ ભારતમાં વિવિધ ધર્મ-સંસ્કૃતિ હોવા છતાં ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે. આજે સમગ્ર દેશ સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિની ઉત્સાહભેર ઉજવણી કરી રહ્યો છે. ત્યારે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેવડિયા ખાતે સ્ટેચ્યૂ ઓફ યુનિટીના નિર્માણ દ્વારા સરદાર પટેલને શ્રેષ્ઠ આદર પ્રદાન કર્યું છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરદાર પટેલે ભારતની આઝાદી બાદ દેશના ૫૬૪ જેટલા રજવાડાઓને માત્ર બે વર્ષ જેટલા ટૂંકા ગાળામાં ભારતમાં જોડી દેશને એક કર્યો હતો. સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર પણ સરદાર પટેલની જ દેન છે. દેશમાં સુશાસનની શરૂઆત પણ સરદાર પટેલે જ કરી હતી તેથી તેમના એકતાના પથ પર દરેકે આગળ વધવું જ જોઈએ.

આ પદયાત્રા વાપી મહાનગરપાલિકા ખાતેથી પ્રસ્થાન થઈ ઝંડા ચોક-ગાંધી સર્કલ-સેલવાસ ચાર રસ્તા - ભડક મોરા - સરદાર ચોક - અંબેમાતા મંદિરથી શ્યામજી કૃષ્ણવર્મા ચોક સુધી પહોંચી હતી. મહાનુભાવો દ્વારા વાપી સર્કિટ હાઉસ ખાતે યુનિટી રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પદયાત્રામાં લોકોએ સરદાર અમર રહોના નારા લગાવ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ રાજ્યોના પરંપરાગત પરિધાનમાં અને સ્વાતંત્ર્ય સેનાનીઓની વેશભૂષામાં અલગ અલગ પ્લેકાર્ડ અને એકતાની થીમ સાથે ભાગ લીધો હતો. વાપી મહાનગરપાલિકાના અધિકારી કર્મચારીઓ, પોલીસ, એનસીસી કેડેટ્સ, ગુજરાત યોગ બોર્ડના સભ્યો સહિત અનેક લોકો આ પદયાત્રામાં જોડાયા હતા.

મંત્રીશ્રી અને મહાનુભાવોના હસ્તે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે યોજાયેલી નિબંધ અને વકતૃત્વ સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ લોકોએ સ્વદેશી શપથ ગ્રહણ કર્યા હતા.

પદયાત્રામાં જિલ્લા કલેક્ટરશ્રી ભવ્ય વર્મા, પોલીસ અધિક્ષકશ્રી યુવરાજસિંહ જાડેજા, વાપી મહાનગરપાલિકા કમિશનરશ્રી યોગેશ ચૌધરી, વાપી મહાનગર પાલિકા ડેપ્યુટી કમિશનર આસ્થા ચૌધરી, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, સંગઠન મહામંત્રી શિલ્પેશ દેસાઈ, વાપી શહેર સંગઠન પ્રમુખ મનીષ દેસાઈ, તાલુકા સંગઠન પ્રમુખ સમય પટેલ, કલ્પેશ પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડ-ડાંગ સાંસદ ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ઉમરગામ ખાતે યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે ઉમરગામ ખાતે સાંસદ શ્રી ધવલભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યુનિટી માર્ચ પદયાત્રા યોજાઈ હતી.

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતી નિમિત્તે યુનિટી માર્ચ યાત્રાનો આયોજન ચાલી રહ્યું છે જે સંદર્ભે આજરોજ લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે યુનિટી માર્ચ પદયાત્રા વલસાડ જિલ્લાના ઉમરગામ વિધાનસભા ખાતે લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદ શ્રી ધવલભાઈ પટેલના અધ્યક્ષસ્થાને, પ્રદેશના વક્તા શ્રી માધુભાઈ કથીરિયા, ઉમરગામના ધારાસભ્ય શ્રી રમણલાલ પાટકરની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ હતી જેમાં ખૂબ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી યાત્રાને સફળ બનાવી હતી.

આ તબક્કે જિલ્લા સંગઠનના હોદ્દેદારો, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ડૉ. નિરવભાઈ શાહ, શહેર ભાજપ પ્રમુખ શ્રી મયંકભાઇ પ્રેસવાલા, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી અલકાબેન શાહ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકાના ચૂંટાયેલા સભ્યો, ગામના આગેવાનો, હોદ્દેદારો વિવિધ સમાજના આગેવાનશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, સરપંચશ્રીઓ, વહીવટી તંત્રના અધિકારીઓ, શાળાના વિદ્યાર્થીઓ ગ્રામજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભીલાડમાં એસ.ઓ.જી.એ ૩.૮૩ કિ.ગ્રા. ગાંજાના જથ્થા સાથે ઉમરગામના બે યુવાનોને ઝડપ્યા




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વલસાડ જિલ્લામાં પ્રતિબંધિત ગાંજાના વેચાણનું નેચવર્ક ખાનગી રાહે ચાલતુ હોવાના બનાવો વારંવાર બનતા રહ્યા છે તેવો વધુ એક બનાવ ભિલાડ ખાતે બન્યો છે. ૩.૮૩ કિલોગ્રામ ગાંજાના જથ્થા સાથે એસ.ઓ.જી.એ ઉમરગામના બે આરોપી યુવાનોને ઝડપી પાડ્યા હતા.

વલસાડ એસ.ઓ.જી. હંમેશા ગાંજો, દારૂ તથા અન્ય ગુનાઓને ડિટેક્ટ કરવામાં સતત સતર્ક અને પેટ્રોલીંગમાં રહે છે. એસ.ઓ.જી.ને મળેલ

**ભાવેશ ધોડી અને સુરજ કનોજીયાની ધરપકડ : રૂા.૩.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો**

બાતમી આધારે ભિલાડમાં ટ્રેપ ગોઠવી હતી. શંકાસ્પદ જણાતા બે યુવાનોની પૂછપરછ કરતા યુવાનો પાસેથી ગાંજાનો ૩.૮૩ કિલોગ્રામ પ્રતિબંધિત ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો તેથી યુવાનોની અટક કરી પોલીસ સ્ટેશન લાવવામાં આવેલ પોલીસ પૂછપરછમાં યુવાનોએ પોતાના નામ ઠામ જણાવ્યા હતા. ભાવેશ ધોડી અને સુરજ કનોજીયા નામના બે આરોપીઓ પાસેથી પોલીસે ગાંજાનો જથ્થો તથા રોકડા, મોબાઈલ મળીને કુલ રૂા.૩.૨૩ લાખનો મુદ્દામાલ જપ્ત કરીને એન.ડી.પી.એસ. એક્ટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પોલીસે શરૂ કરી હતી.

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને જિલ્લા આયુર્વેદ શાખા દ્વારા પારડીમાં આયુષ મેળો અને મેગા કેમ્પ યોજાયો

**આયુર્વેદમાં સારવાર લાંબી છે પરંતુ બીમારીને જડમૂળથી નાબૂદ કરવાની શક્તિ છે : મંત્રી કનુભાઈ દેસાઈ**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૩**

રાજયના નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા પંચાયતની આયુર્વેદ શાખા દ્વારા રવિવારે પારડી તાલુકામાં ને.હા.નં. ૪૮ પર જુની મામલતદાર કચેરીની બાજુમાં આવેલા ધીરૂભાઈ નાયક હોલમાં આયુષ મેળો અને મેગા કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે મંત્રી કનુભાઈ દેસાઈએ લોકો વધુમાં વધુ આયુર્વેદ તરફ વળે તે માટે આહવાન કરતા જણાવ્યું કે, નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે હતા ત્યારથી તેમણે લોકોની સુખાકારી માટે પ્રયત્ન કર્યા હતા. લોકોના ઘર આંગણે આરોગ્યલક્ષી સેવા

**શ્રેષ્ઠ કામગીરી કરનાર આર્યુવેદ શાખાના સ્ટાફનું સન્માન કરાયુંઃ મંત્રીના હસ્તે બાળકોને સુવર્ણપ્રાશનના ટીપા પીવડાવવામાં આવ્યા**

ઉપલબ્ધ કરાવી હતી. બીમારી સમયે નિઃશુલ્ક સારવાર મળી રહે તે માટે આયુષ્યમાન કાર્ડ યોજના અમલી બનાવી છે. લોકો સ્વસ્થ અને તંદુરસ્ત જીવન જીવે તે માટે નરેન્દ્રભાઈ એ વિશ્વ યોગ દિવસ ઉજવવાની દરખાસ્ત યુનાઈટેડ નેશન્શમાં કરતા દર વર્ષે તા. ૨૧ જૂને દુનિયાભરમાં યોગ દિવસ મનાવાય છે. નિયમિત યોગ કરવાથી બીમારીથી દૂર રહી સ્વસ્થ જીવન જીવી શકાય છે. આયુર્વેદ અને હોમિયોપથી ચિકિત્સાનો વ્યાપ વધે તે માટે નરેન્દ્રભાઈ મોદીએ સૌ પ્રથમવાર આયુષ મંત્રાલય બનાવ્યું છે. આયુર્વેદમાં સારવાર લાંબી છે પરંતુ બીમારીને જડમૂળથી નાબૂદ કરવાની શક્તિ છે. આપણા ઋષિ મુનિઓ પણ આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિ અપનાવતા હતા. આયુર્વેદમાં કેમિકલની ભેળસેળ હોતી નથી. સ્વાસ્થ્ય માટે હિતકારી છે. આજે અહીં આયુષ મેળામાં ભાગ લેનાર તમામ લોકો અને આ મેળાનું આયોજન કરનાર જિલ્લા આર્યુવેદ શાખાની ટીમ અભિનંદનને પાત્ર છે.

જિલ્લા પંચાયત પ્રમુખ મનહરભાઈ પટેલે પોતાના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું કે, દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દરેક નાગરિકના આરોગ્યની ચિંતા કરી રહ્યા છે અને તે અંતર્ગત સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત અભિયાન પણ ચાલી રહ્યું છે. આજના સમયમાં રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાના ઉપયોગથી પકવેલી શાકભાજી અને અનાજ મળી રહ્યું છે જેના કારણે અનેક બીમારીઓ થઈ રહી છે, જેનાથી છુટકારો મેળવવા માટે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી મિશન મોડમાં શરૂ કરી છે. પ્રાકૃતિક ખેતીથી મળતો ખોરાક તંદુરસ્તી આપે છે. આ સાથે જ લોકો આર્યુવેદ તરફ વળે એ પણ ખૂબ જરૂરી છે.

-વધુ પેજ નં.૭ પર

# સેલવાસના ડોમકરડી ઓવરબ્રિજ પર ઓવરટેકની લ્હાયમાં ડેટસન કારના ચાલકે બ્રેઝા કારને જોરદાર ટક્કર મારી



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૩**

સંઘપ્રદેશ દાદરા નગરહવેલીના સેલવાસ ડોકમરડી ઓવરબ્રિજ પર અમદાવાદ પાસિંગની ડેટસન કાર ચાલકે ઓવરટેકની લ્હાયમાં સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા બ્રેઝા કારને પાછળથી જોરદાર ટક્કર મારતા ડિવાઈડર સાથે ટકરાઈ હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ડેસ્ટન કાર નંબર જીજે-૦૧-ડબ્લ્યુસી ૮૦૧૪ ના ચાલકે ડોકમરડી બ્રિજ પર ઓવરટેક કરવાની લ્હાયમા અચાનક સ્ટિયરીંગ પરથી કાબુ ગુમાવતા બ્રેઝા કાર નંબર ડીએન-૦૯-૦૧૮૭ ના પાછળના ભાગે જોરદાર ટક્કર મારી હતી જેના કારણે તે કાર બ્રિજની દિવાલ સાથે ટકરાઈ હતી અને ડેટસન કાર પણ ડિવાઈડર સાથે ટકરાઈ હતી જેના કારણે બંને ગાડીઓને ભારે નુકસાન થથયું હતું અને બ્રેઝા કારના ચાલકને પણ ઈજા થઈ હતી. આ ઘટનાની જાણ થતા તાત્કાલિક પોલીસની ટીમ પહોંચી હતી અને પહેલા તો બ્રિજ પર ટ્રાફિક જામ હતો એને દુર કરવામાં આવ્યો હતો. બાદમાં ઘાયલ કાર ચાલકને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા નમો હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ જવામા આવ્યો હતો. પોલીસ દ્વારા તપાસ કરતા ડેસ્ટન કારનો ચાલાક નશાની હાલતમાં હતો અને કારની અંદર પણ દારૂની બોટલો મળી આવી હતી. અકસ્માત કરનાર ચાલકને પોલીસ સ્ટેશનમાં લઈ જઈ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી પોલીસે હાથ ધરી છે.

# વલસાડ બી.ક્યુ. કેક શોપમાં ગ્રાહક અને સંચાલક વચ્ચે ભારે વિવાદ સર્જાતા બજારમાં ચકચાર મચી

**ઓર્ડર મુજબની કેકની જગ્યાએ બીજી કેક મળતા ગ્રાહકને કેક તો બદલી ના આપી ઉલટાની ગાળો મળી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

વલસાડના હાલર વિસ્તારમાં કાર્યરત બી.ક્યુ. કેક શોપમાં રવિવારે સાંજે ગ્રાહક અને કેક શોપ સંચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી સાથે ગ્રાહક સાથે અસભ્ય વર્તન કરવામાં આવતા મામલો બિચક્યો હતો.

વલસાડના બી.ક્યુ. કેક શોપમાં એક ગ્રાહકે કેકનો ઓર્ડર આપ્યો હતો. પરંતુ ઓર્ડર મુજબની કેક નહી મળતા ગ્રાહક કેક શોપમાં પહોંચ્યો હતો. જ્યાં સંચાલકને હકિકત જણાવી હતી પરંતુ સંચાલક ઉલટાનો ગ્રાહક સાથે ઉગ્ર વર્તન કરી અસહ્ય પણે ગાળા ગાળી કરી હતી તેથી ગ્રાહક પણ સામે એટલો ઉગ્ર




બનતા મામલો તુ તારી અને ગાળા ગાળી સુધી પહોંચ્યો હતો. કેક શોપ સંચાલકે ગાળો તો આપી પણ કેક પણ ના બદલી આપી બજારમાં લોકો ભેગા થઈ ગયા હતા. સમગ્ર ઘટના સી.સી.ટી.વી.માં કેદ થઈ અને વિડીયો વાયરલ થતા લોકોએ શોપ સંચાલકના ઉધ્ધતાઈ ભરેલા વર્તનને વખોડી કાઢ્યુ હતું.

# એબીવીપીની બિરસા મુંડા કળશ યાત્રા ધરમપુર પહોંચીઃ સમાપન કાર્યક્રમ યોજાયો



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૩**

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિને નિમિત્તે યોજાયેલી જનજાતિ ગૌરવ કળશ યાત્રા રવિવારે ધરમપુર પહોંચી હતી. એસ.એમ.એસ.એમ. હાઈસ્કૂલ ખાતે યાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું અને સમાપન કાર્યક્રમ યોજાયો હતો.

યાત્રા સાથે લાવવામાં આવેલા બિરસા મુંડાના વતનની પવિત્ર માટી ધરાવતા કળશને સન્માનપૂર્વક સ્વાગત કરવામાં આવ્યું હતું. ચાલી રહેલી આ યાત્રાનો હેતુ બિરસા મુંડાના સંઘર્ષ, બલિદાન અને રાષ્ટ્રીય ચેતનાના ભાવને લોકોને નજીકથી ઓળખાડવાનો છે.

-વધુ પેજ નં.૭ પર